
સત્યં વદ ॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્ગુરૂભ્યો નમઃ ॥ ધર્મં ચર

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર

## સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ ૪૦ સંવત ૨૦૭૪ ફાગણ, માર્ચ – ૨૦૧૮ અંક – ૩




પ.પૂ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી નાગેશ્વરાનંદજી મહારાજશ્રીનો ૯૬ મો નિર્વાણ જયંતિ મહોત્સવ મહા સુદ-૯ ને શુક્રવાર તા. ૨૬-૧-૨૦૧૮ના શુભ દિવસે પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં તેમજ સંતો તથા ભક્તોની હાજરીમાં ભુવાલડી ગામે ધામધૂમથી ઉજવાયો હતો.

**સંપર્ક : ગોરધનભાઈ – ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય



સંસ્થાપક : પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ: ૪૦ / ફેબ્રુઆરી-૨૦૧૮/ અંક-૩

## અનુક્રમણિકા


૪ કઠોપનિષદ્ — કૃષ્ણા જી. સવાણી

૮ ધર્મના લક્ષણો — સોહલિયા વનિતા એન.

૧૦ માણસાઈની પગદંડી — લવજીભાઈ કે સવાણી

૧૧ સત્સંગનું પ્રથમ પગથિયુ — ગોરધનભાઈ જે. ગાબાણી

૧૩ વેદનો વિચાર ભાગ-૧ — રેખાબેન આર. મયાણી

૧૫ કિર્તન — મફતલાલ- આદિવાડા

૧૬ ભજી લે મનવા શ્રીરામને સમય ઓછો છે. — સુધા એસ. પંચાલ

૧૭ પુરૂષોત્તમ યોગ (ભગવાન કહે છે.)

૧૮ નિષ્કામ કર્મ — શિવ

૨૦ સત્સંગ સમાચાર — સંકલિત

૨૧ સત્સંગ સમાચાર — સંકલિત

૨૨ સત્સંગ સમાચાર — સંકલિત




ૐ

## વેદ રહસ્ય ગ્રાહક સભ્યોને ખાસ સૂચના

(૧) સરનામામાં ફેરફાર કરવા માટે ગ્રાહક નંબર અને ક્રમ નંબર ખાસ લખવો. સુંદર અને સ્વચ્છ અક્ષરોમાં જૂનું-નવું બંને સરનામાં લખવા તથા મોબાઈલ નંબર લખવો.

(૨) લેખ સંપૂર્ણ આધ્યાત્મને અનુરૂપ હોવા જોઈએ. લેખ એક જ સાઈડમાં આગળ હાંસિયાની જગ્યા છોડીને જ સારા અક્ષરે લખી મોકલાવો. પાછળની સાઈડમાં લખવું નહિ. લેખો આધ્યાત્મને અનુરૂપ નહિ હોય અથવા કોઈપણ પુસ્તકના ઉતારા હશે અને તે લેખો પ્રગટ કરવા જેવા નહિ લાગે તો તંત્રીશ્રી તે લેખો કેન્સલ કરી શકશે અને કેન્સલ કરેલા લેખો લેખકને પરત મોકલવામાં આવશે નહિ.

(૩) જે ગ્રાહક સભ્ય સ્વર્ગવાસ થયા હોય તેનું લવાજમ પુરૂં થયું ગણાય છે. માટે તેના કુટુંબીજનોએ વેદરહસ્ય કાર્યાલયમાં જાણ કરી નવા સભ્ય બની જવું ખાસ પૂજ્ય ગુરુજીની આજ્ઞા છે.

(૪) વાર્ષિક લવાજમ જાન્યુઆરી થી ડિસેમ્બર સુધીનું જ ગણાય છે.


**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક,
વરાછા, સુરત–૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ

**: સંપાદક (Editor) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા


## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૯ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.


**લવાજમ, લેખો તેમજ સરનામા ફેરફાર માટે પત્રવ્યવહાર :**
**મુખ્ય કાર્યાલય**


**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦


| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ–નાસિક–૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



(ગતાંકથી ચાલુ) બુક નં. ૪

જ્યારે હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું એવું દ્રઢ થઈ જાય તો બધા ભય વહ્યા જાય ને બધી આશાઓ છૂટી જાય કેમકે આશાથી જીવો અનાદિકાળથી બંધાયા છે.

**आशा हि परमं दुःखं नैराश्यं परमं सुखम्।**
**यथा संछिद्य कान्ताशां सुखं सुष्वाप पिङ्गला॥**

(શ્રીમદ્ ભાગવત્ - ૧૧:૮:૪૪)

આશા એ મહાન મોટું દુઃખ છે. અને નિરાશા એ મોટું સુખ છે. તો, અંદર આનંદ છે એમ સમજો ને, તો આશા રાખવાની જરૂર નહિ. તમે પૂર્ણ આનંદરૂપ છો કે અધુરા આનંદ સ્વરૂપ છો? બોલો?... જો લોટો પૂરો ભર્યો હોય તે કહે હવે આમાં નાખો, તો રહેશે?... એટલે જો પૂર્ણ આનંદ સ્વરૂપ જો સમજો તો પછી નખાવાની આશા રહેશે નહિ. બીજેથી સુખ લેવાની આશા રહેશે નહિ અને જ્યાં સુધી હું અધૂરો છું એમ સમજશો ત્યાં સુધી બધી આશાઓ પડી રહેશે. ત્યાં સુધી મોટું થવાની આશા, સારું થવાની આશા, મેળવવાની આશા, અનેક આશાઓમાં જીવ બંધાતો રહેશે.

**ઈચ્છા પામ્યાની જ્યાં સુધી અંડમાં,**
**બ્રહ્મ દર્શી છે ન્યારા અદ્વૈત,**
**....... હડીયો કાઢે પણ પ્રભુ તો જડે નહિ.**

(મહાત્મા બાપુસાહેબ)

જ્યાં સુધી બહારથી મેળવવાનું છે એમ સમજણ છે ત્યાં સુધી જીવ ભટકવાના છે કેમ કે બહાર છે નહિ, છે અંદર અને ભટકે છે બહાર એટલા માટે રોજ અભ્યાસ કરવો કે હું સચ્ચિદાનંદ સ્વરૂપ પૂર્ણ છું તેથી મારે કોઈ આશા તૃષ્ણામાં બંધાવાની જરૂર નથી. જ્યાં સુધી આશાઓ નથી છૂટતી ત્યાં સુધી જીવો જન્મ-મરણના ચક્કરમાં પડ્યા રહે છે.

**ચાહ ગઈ ચિંતા ગઈ મનવા બે પરવાહ,**
**જીસકો કછુ ન ચાહીએ વો ચાહન કા શાહ.**

તો ઘણાં એમ કહે કે જીવન ખાધા વગર નો ચલે, કપડા વગર ન ચાલે, મકાન વગર ના ચાલે આ બધા વગર ના ચાલે તો તમે એના વડે જીવો છો કે એ તમારા વડે છે? નક્કી કરો. બોલો? એ દ્રઢ થવું જોઈએ. તમે શરીર વડે છો તો શરીર આત્મા વડે છે. ભોજન, મકાન, દુકાન બધા વડે આત્મા છે કે આત્મા વડે એ બધુ છે? આ તમારો બંગલો તમે મકાનમાં બેઠા એ આત્મા ન હોય, આ બધાના આત્મા વહ્યા જાય તો મકાન કેટલા દિ' રહે?... આ બધુ ઊભું કોણે કર્યું? જો તમારો આત્મા ન હોતને તો શરીર જ ના થાત. શરીર ન હોત તો શું ન થાત? બોલો?... પણ ઘણાં એમ કહે કે મકાન હોત તો શરીર ન થાત. એમ કહે. પણ આખા વિશ્વમાં પેલુ કોણ? એ સત્ ચૈતન્ય હંમેશા છે છે ને છે એને થવાની જરૂર જ નથી એ તો થયેલું છે છે તે છે જ જે નથી થયું એને થવાની જરૂર છે. જ્યારે તમે તો

સ્વયં સિધ્ધ હંમેશા છો છો ને છો.. એટલા માટે **'નિત્ય ઉપલબ્ધિ સ્વરૂપોહમાત્મા'** તમે તો નિત્ય ઉપલબ્ધ છો? એને નથી જન્મ દેવાનો કે નથી લાવવાનો કે નથી કાઢવાનો કે નથી કાંઈ આઘું કરવાનું નથી પાછું કરવાનું એવું તમારું ખરું સ્વરૂપ છે. એ ખરા સ્વરૂપને જાણવા વાળા પછી કોઈ દિ' કોઈની આશા રાખતા નથી અને એ આશા છૂટી જવાથી મુક્ત થઈ ગયા કહેવાય છે. તો ખાસ કરીને. આ ઉપનિષદોનું જ્ઞાન દ્રઢ કરે એને અમરતા પ્રાપ્ત થાય એમ બતાવ્યું એટલે આપણી ભારતીય સંસ્કૃતિ અમર સંસ્કૃતિ છે કેવી? બોલો? અમર એટલે -

**અમર થાય જેમ આતમા, એવો કરજે ઉપાય.**
**સાંભળ શુદ્ધ ચિત્તે કરી.**

(સ્વામી પ્રિતમ દાસજી)

યાજ્ઞવલ્ક્યજી જ્યારે સંન્યાસ આશ્રમમાં જવા તૈયાર થયા ત્યારે મૈત્રીને બોલાવીને કહ્યું કે, તમે બંને ધન વહેંચીને શાંતીથી રહેજો : હવે, મારે જંગલમાં જઈ બ્રહ્મ ચિંતન કરવું છે. આત્મ ચિંતન કરવું છે. મારા ખરા સહજ સ્વરૂપમાં રહેવું છે. તો મૈત્રીએ કહ્યું કે, 'હે પતિદેવ! તમે જે ધન આપો છો એ અમને અમર કરશે કે નહિ?' તો પેલાની સ્ત્રીઓ પણ અમરતાની ઈચ્છા રાખતી હતી. અમર થવાનું જ્ઞાન પ્રાપ્ત કરતી હતી તો યાજ્ઞવલ્કયજીએ ઉત્તર આપ્યો કે -

**वित्तेन अमृतस्य आशापि नास्ति।**
**अमृतत्वस्य तु नाऽऽशाऽस्ति वित्तेनेति।**

બૃહદારણ્યકોપનિષદ

યાજ્ઞવલ્ક્યજીએ કહ્યું કે, ''હૈ મૈત્રી! ધનથી અમર થવાની આશા પણ કરવી નહિ.' કેમ કે ધન કોઈને અમર કરતા નથી. કોઈ કહે કે ધનવાનના નામ અમર થાય છે પણ લાખો ધનવાનના નામ અમર થયેલા ક્યાંય વહ્યા ગયા. કોઈ પૂછતું નથી એટલા માટે ધનથી જે અમર થયેલું ધન જ સ્વયં (અમર) નથી રહેતું તો પછી ધન જેને રાખે એ ક્યાંથી રહી શકે. એટલા માટે પરમાત્મા દ્વારા જે અમર થાય એ જ અમર છે. બીધા બધા તો મરવાવાળા છે છે ને છે.

**લાખો ગયા ને તું પણ જવાનો,**
**મુરખ મનમાં વિચાર**
**સાચું કહું છતાં જૂઠું માને તો,**
**મુવા કુટુંબને સંભાર**
**હે ભાઈ તું ભજી લેને કીરતાર.**

યાજ્ઞવલ્ક્યજીએ કહ્યું કે, 'ધનથી અમર નથી થવાતું.' વેદો પણ કહે છે કે,

''**न कर्मणा न प्रजया धनेन त्यागेनैक अमृतत्व मानशुः ॥**'' (કૈવલ્યોપનિષદ) કૈવલ્યોપનિષદમાં કહ્યું છે કે 'કર્મથી, પ્રજાથી કે ધનથી કોઈ અમર થઈ શકતા નથી.' કેમ કે એ સ્વયં જ મરવા વાળા છે એ કોઈને અમર કરી શકતા નથી. કર્મનું ફળય નાશવાળું છે. પુત્ર એ પોતે મરી જાય એમાં બાપને / બીજાને ક્યાંથી અમર કરે! એમ ધન જે છે એ વિનાશી છે. જ્યારે એક જ પરમાત્મા અવિનાશી છે જેનો સંબંધ કરવાથી જીવ અમર થઈ શકે છે. એટલા માટે પુત્ર, પત્ની, ધન, મકાન, દુકાન સંસારનું કોઈપણ ધન હોય એ બધું ધન જીવને ધુળમાં મળી જવાનું છે. એમ માનીને એનો વૈરાગ્ય પ્રાપ્ત કરવો. ''**त्यागेनैक अमृतत्वमानशुः।**''

''**इस तनधनकी कोन बडाई**
**देखत नयनो में मिलाई**
**इस तन धन की कौन बडाई।**''

તો યાજ્ઞવાલ્કયજીએ કહ્યું કે -

'**वित्तेन अमृतस्य आशापि नास्ति।**'

(બૃહદારણ્ય ઉપ.)

ત્યારે મૈત્રી કહેવા લાગી કે -

'**येनाहं नामृता स्यां किमहं तेन कुर्याम्।**'

(બૃહદારણ્યકોપનિશષદ)

ધ્યાનથી યાદ રાખો બહેનો બહાર, આ મૈત્રી કહે છે કે, 'અમર ન થાય એવી વસ્તુ મારે જોતી નથી. પણ અત્યારે જો બહેનોને આપેને તો તરત લઈ લે લાવો પૈસા, લાવો પૈસા, તમારે પછી જે કરવું હોય તે... પછી એ પૈસા ભલે એને માર ખવરાવે પણ અમર થાય એવી ઈચ્છા નથી રાખતા. મૈત્રીએ કહ્યું કે - '**ए नाहं नाहं**

**मृताशां तेनाहं किं कूर्याम्।'** (બૃહ. ઉપ.) 'જેનાથી હું અમર ન થાવ એને મારે હવે શું કરવી છે!' મેં ઘણાં દિવસ આને ભોગવી ઘણાં દિવસ પૈસા વાપર્યા. હવે મારે તો એવું જ જોઈએ છે. **'यदेव भगवान्वेद तदेवने बूहीता। '** (બૃહ. ઉપ.) મૈત્રી કહેવા લાગી કે; 'હે પતિદેવ! તમે જેને જાણો છો, ને જેને જાણવા પુરુષાર્થ કરો છો જેનાથી અમર થવાય છે. એ વસ્તુ મને બતાવો.' તો હવે, તમારે જાણવી છે ને! સાંભળો છો તો ધ્યાનથી સાંભળજો. મનને માયામાં જવા દેશો નહિ અને ચિત્તને ચૂલા તરફ ચા તરફ સંભારશો નહિ.

**મન માયામાં ચિત્ત ચૂલામાં**
**હાય હોય ના કરનારા.**
**તેને કથાનો રંગ શું લાગે (૨)**
**દોષ હૃદયમાં ધરનારા**
**પ્રેમ ધરીને કથા સાંભળવા**
**આવોને મારા વાલા રે.**

ધ્યાનથી યાદ રાખો તમને જે વધારે દુનિયામાં ગમતું હોયને એન છોડવું પડે કેમ કે એક મિનિટ ભોજન વગર નો ચાલે એમ કહો છોને તો બોલો, પરમાત્મા વગર ચાલે?... ભોજન વગર તો ચાલશે પણ પરમાત્મા વગર એક મિનિટ પણ ચાલશે એટલા માટે એ સમજણ ન હોવાવાળાએ એ રીતે બોલશે કે ભોજન વગર મરી જવાય, આના વગર મરી જવાય પણ કોના વગર નથી જીવાતું એ જ જીવને ખબર નથી. જેને એ ખબર પડી જાય કે હું કોના વડે છું એ દિવસે તમે મુક્ત... એટલા માટે તમે પૂર્ણ છો તમે સચ્ચિદાનંદ સ્વરૂપ છો તમારા આનંદથી જ આખું વિશ્વ આનંદિત થઈ રહેલું છે પણ એ ના સમજવાથી અજ્ઞાની જીવો ભોગમાં બહાર ભટકતા રહે છે. તો યાજ્ઞવલ્કયજી જે કહે છે એ ધ્યાનથી સાંભળો યજ્ઞવલ્કયજી કહે છે તારે જો અમર થવું હોય તો **'अविनाशी वा अरेऽयमात्माऽनुं-च्छित्ति धर्मा॥'** (બૃહ. ઉપ. ૪-૧-૧૪)

યાજ્ઞવલ્કયજીએ કહ્યું કે- **'अविनाशी वाहरेयं आत्मा॥'** કે જે 'આત્મા છેને એ અવિનાશી છે તું આત્મા, આત્મા બની જા.' તો શું થઈ જાય? બોલો?... તો અમર થઈ જવાય. એટલે કહે છે કે - **'आत्मा वा अरे द्रष्टव्य श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यो॥'** (બૃહ. ઉપ. ૪-૫-૬) અમર થવા માટે શું કરવું. યાદ રહ્યું? બોલો ? 'આત્મા વા અરે દૃષ્ટવ્યોઃ। આત્મા દેખાવો એમ નહિ, આત્મ દૃષ્ટિ કરવી. શું કરવું? બોલો?... આત્મ દૃષ્ટિ એટલે શું? હું આત્મા છું એમ સમજવું એનું નામ આત્મ દૃષ્ટિ. બીજું કાળું, ધોળું, પીળું કાંઈ કરવાની જરૂર નથી. હું અમર આત્મા છું હું ચૈતન્ય આત્મા છું હું આનંદ આત્મા છું. બહુ ઝાઝુ યાદ ના રહે તો ત્રણ વાત યાદ રાખો, બોલો, રહેશે યાદ બધાને? શું યાદ રાખશો? ''હું સત્ય આત્મા છું. હું ચૈતન્ય આત્મા છું ને અમર આત્મા છું.' 'ત્રણ જ યાદ રાખે તોય તરી ગયા. નહીતર પછી વાર વાર મરી ગયા. વાર વાર જન્મો ને વાર વાર મરો. જો તરી જવું હોય તો ત્રણ વાત યાદ કરી લ્યો. **'સચ્ચિદાનંદ'** શું યાદ કરો? બોલો? સત્ ચિત ને આનંદ એટલે ''હું સત્ય આત્મા છું, હું ચૈતન્ય આત્મા છું ને હું આનંદ આત્મા છું.'' એટલા માટે જો એ ત્રણ સમજ્યા પછી અકર્તા પણું, અભોક્તા પણું. વ્યાપકપણું દિવ્યપણું (એવા) અનેક પ્રકારના શબ્દો છે. વારંવાર એને મનન કરવા.

**''સદ્‌ગુરુ, શબ્દ વિચારતાં, પ્રગટે જ્ઞાન પ્રકાશ,**
**રવિ ઉગે રજની ટળે, હોય અવિદ્યા નાશ.**
**તજશે આપું આપદા, ભજશે પૂરણ બ્રહ્મ,**
**પલક માંહી પ્રલે થશે, કોટી જનમનાં કર્મ.''**

(સ્વામી પ્રિતમદાસજી)

**'તજશે આયું આપદા'** ધ્યાનથી યાદ રાખો 'આપદા' દેવા વાળું 'આપુ' છે અહંકાર. હું બ્રાહ્મણ છું. હું પૈસાવાળો છું. હું રૂપાળો છું હું કાળો છું, હું ધોળો છું એ અનાદિ કાળનું ખોટું 'આપું' જીવને વળગ્યું છે.

**''સંશય પાર કરે સોઈ સદ્‌ગુરુ,**
**નહિં તો ગુરુ કૈસે કહાવે**
**કહે કબીર સોઈ સદ્‌ગુરુ પુરા,**
**આપાપુ વિસરાવે,**

**જગતમાં ગુરુ વિના કોણ જગાવે**
**જોગી જંગમ સબ હમ દેખે,**
**કરમ ધરમ બતલાવે,**
**મત દીપક લેઈ કરમજદેવે,**
**ભિન્ન ભિન્ન ભરમાવે. જગતમાં...**
**વૈદ્ય વેદના કછુયે ન જાણે,**
**કહો વૈદ્ય કૈસે કહાવે.**
**જડી કછુ ઔરા દરદ કછુ ઔરા,**
**કહો રોગ કૈસે જાવે. જગતમાં...''**

(શ્રી કબીર સાહેબ)

તો અહંકાર, શરીરની અંદર હું પણું છેને એને લઈને જીવને આ બધી ભ્રાંતી ઊભી થાય છે. વેદ કહ છે કે,''તમે અમર છો.'' તમે અવિનાશી આત્મા છો. તો શું થયા કરે? બોલો? હું ઘરડો થઈ ગયો ને હું બીમાર પડી ગયો રોગી થઈ ગયો ને હવે હું મરવાનો છું હવે મારાથી કાંઈ થવાનું નથી. આ ભાવ શેને લઈને આવે છે? બોલો? શરીરની અંદર અહં પણું રાખવાથી. એટલા માટે - **'તજશે આપું આપદા, ભજશે પૂરણ બ્રહ્મ.'** તો શું કરવું?.... પૂરણ બ્રહ્મનું ભજન કરો.

**સર્વ તજીને ભજીએ પુરણ બ્રહ્મને,**
**જે પ્રભુજી છે સર્વ દેવના દેવ જો**
**શુક સનકાદિક સંત મહામુનિ જેટલા,**
**શરણ ગયા તે સર્વ તીર્યા સંસાર જો**
**સર્વ તજીને ભજીએ પુરણ બ્રહ્મ ને**

(નારાયણજી કૃત)

તો પૂરણ બ્રહ્મ એટલે શું? હું (આત્મા) સર્વમાં પૂર્ણ વ્યાપક છું છું ને છું. એને ભજવા એટલે એની સાથે એક થઈ જવું. ભજવું એટલે શું? બોલો ? **'ભેદ મિટાવો દુજા'** ભજન એ છે કે પ્રભુ સાથે એક થઈ જવું મનને મેળવી દેવું બુદ્ધિને આત્માને બધાને અસંગ એક કરી દેવા.

**સરિતા દરિયે જઈ ભળે, સરિતા નામ બુઝાય.**
**મહિમા શ્રી ગુરુ દેવનો, મુખથી કહ્યો ન જાય.**
**સચ્ચિદ્આનંદરૂપે થઈ જગતમાં વ્યાપશે રે.**

(ગુરુ ભક્ત જગન્નાથ કૃત)

પૂરણ બ્રહ્મને ભજવા એટલે નદી જેમ સાગરને ભજે એટલે સાગર ભેગી ભળીને સાગર થઈ જાય એમ પરમાત્માનું ભજન કરવું એટલે પરમાત્મની સાથે એક રસ થઈ જવું. પરમાત્મા હું છું ને મારામાં પરમાત્મા છે એમ એક રસ પ્રાપ્ત કરવો.

**કહે પ્રીતમ સદ્‌ગુરુ સેવતાં;**
**ટળે અંતર એકરસ થાય, બ્રહ્મરસ પીજીએ**

(સ્વામી પ્રિતમદાસજી)

તો એક રસતાની અનુભૂતિ કાર્ય-કારણ ભાવથી આવે. ધ્યાનથી યાદ રાખો. શેનાથી આવે? બોલો?... રોજ કારણનો વિચાર કરવો. 'હું કોણ છું ક્યાંથી આવ્યો છે. ને ક્યાં જવાનો છું? મનુષ્યનો બાળક મનુષ્ય હોય તો ભગવાનનો બાળક શું હોય? બોલો? એ કાર્ય કારણનો રોજ વિચાર કરો. તો તમને ખબર પડશે કે હું પરમાત્મામાંથી આવ્યો છું. પરમાત્મામાં છું ને પરમાત્મા ભેગો જ ભળી જવાનો છું.

**જ્યાંથી આવ્યો ત્યાં જવાનો, મિથ્યા માયા ફંદ જોને.**
**નીર વહે છે નદીઓ કેરા, સમુદ્ર મળવા આશ જોને.**
**મૂલ સ્વરૂપે થઈને રહેતાં, નામ રૂપનો નાશ જોને.**

(ભક્તરાજ લજ્જારામ)

નદીઓ સાગરમાં ભળીને સાગરરૂપ થઈ જાય તો નદીનું નામ ને રૂપ કાંઈ રહેતું નથી. તો નદીઓ જેમ સાગરમાંથી આવી ને સાગરમાં સમાણી એમ આપણે બધા ક્યાંથી આવ્યા? બોલો?... 'પરમાત્માથી આવ્યા તો પરમાત્મામાં સમાય ને રહેવું એનું નામ છે. પૂરણનું ભજન.' પૂરણમાં ભળે તો તો પૂર્ણ થાય ને અધૂરામાં ભળો તો તો અધૂરા થાવ અને નોખા રહોને તોય અધૂરા થાવ. **(વધુ આવતા અંકે)**

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ નવા નાવડા, હાલ સુરત સ્વ. માનસંગભાઈ કહળસંગભાઈ સોલંકી (ઉંમર વર્ષ ૭૨) સંવત ૨૦૭૪ ફાગણ સુદ-૩ તા.૧૮-૨-૨૦૧૮ ને રવિવાર ના રોજ માધવ શરણ પામેલ છે. સદ્‌ગુરુ ભગવાન જીવાત્માના આત્માને શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પરમપૂજ્ય પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સ્વામી શ્રી ભૂમાનંદ સાગર મહારાજ ભીંગરાડ ગામે ચાર્તુમાસ દરમિયાન કરેલ સત્સંગ કથા આધારિત પ્રવચન.

પરમ પૂજ્ય પરમ આદરણીય પ્રાતઃસ્મરણીય વિવેક વૈરાગ્ય આદિ વેદ વેદાંત સકલ શાસ્ત્ર જ્ઞાન પ્રકાશક અજ્ઞાન અંધકાર વિનાશક જીવ ઈશ્વર એકૈ ભવદુઃખ વિનાશક બ્રહ્માનંદ પ્રદાયક નિત્યનિરંતર પરમ હિતકારી ભક્ત ઉધારક પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી શ્રોત્રિયબ્રહ્મનિષ્ઠ અનંત શ્રી વિભૂષિત બ્રહ્મલીન સચ્ચિદાનંદ સ્વરૂપ સદ્‌ગુરુ પરમાત્મના પરમપવત્રિ ચરણકમળોમાં કોટી કોટી વંદન. ઉપસ્થિત ધર્મપરાયણ ભાઈઓ તથા બહેનો અને ભક્તિમતી મતાઓ પરમ કૃપાળુ પરમાત્માએ આપણને દેવોને પણ દુર્લભ એવો મનુષ્ય જન્મ આપ્યો છે. મનુષ્ય જન્મની અંદર ભગવાને સુંદર બુદ્ધિ આપી છે. બુદ્ધિ દ્વારા આપણે ધર્મના સ્વરૂપને જાણીને ધર્મનું બીજું લક્ષણ છે ક્ષમા, તેના વિશે જાણીએ.

આપણે ધર્મના લક્ષણ ઉપર વિચાર કરી રહ્યા છીએ. ધર્મનું લક્ષણ જાણી આપણે ધર્મનું જ્ઞાન લેવું જોઈએ. ધર્મનું બીજુ લક્ષણ બતાવ્યું છે ક્ષમા. હવે ક્ષમા કોને કહેવાય તે સમજો. કોઈ વ્યક્તિએ ભૂલ કરી હોય, કોઈ વ્યક્તિને દુઃખ આપ્યું હોય, કોઈ વ્યક્તએિ અનર્થ કર્યું હોય, કોઈ વ્યક્તિએ બીજાને ક્રોધીત કરવા માટે મહેનત કરી હોય, તો આપણી અંદર દંડ દેવાની શક્તિ પણ છે. છતા તમે તેને માફ કરી દો તો તે તપ છે. ક્ષમા મોટું તપ છે. ક્ષમા પરમ તપઃ। ભગવાન વેદ વ્યાસ કહે છે - 'ક્ષમાતુલ્ય તપોનાસ્તે।' ક્ષમારૂપી શસ્ત્ર છે. આપણા હાથમાં ક્ષમારૂપી શસ્ત્ર હોય તો દુર્જન આપણું કંઈ બગાડી ન શકે. દુર્જન આપણું અહિત કરી દુઃખી કરવા માટે પ્રયત્ન કરે પણ આપણી પાસે ક્ષમારૂપી શસ્ત્ર હોય તો આપણું કંઈ બગડતું નથી. આપણી પાસે સહનશીલતા હોવી જોઈએ. માનોકે જ્યાં અગ્નિ હોય ત્યાં લાકડા ન હોય, પાંદડાં ન હોય અને ઘાસ પણ ન હોય ત્યાં અગ્નિ શું કરે? ઓલવાય જાય ને? એવી રીતે આપણને કોઈ દુઃખ દેવા જેમ તેમ બોલે, ક્રોધ કરે, કષ્ટ દે પણ આપણી અંદર ક્ષમા હોય. કંઈ બોલો જ નહિ તો દુર્જન તમારું કંઈ બગાડી શકતા નથી. જેમકે દેરાણી-જેઠાણી, સાસુ-વહુના ઝઘડા થાય તો વહુ, સાવ બોલવાનું બંધ કરી દે તો ઝઘડા પૂરા થઈ જાય અને સાસુ જ પશ્ચાતાપ કરવા લાગે કે હું આ શું કરું છું? મારી જ ભૂલ છે. હવે મારે કંઈ બોલવું નથી. દેરાણી-જેઠાણી હોય તો દેરાણી બોલવાનું બંધ કરી દે તો જેઠાણીને પશ્ચાતાપ થવા લાગે. મારે કંઈ બોલવુ જ નથી. અને ઝઘડા બંધ થઈ જાય, ભાઈઓમાં પણ એવું હોય, તો ભાઈઓએ બોલવાનું બંધ કરી દેવું જોઈએ. સામે પ્રતિકાર ન કરવો જોઈએ. પછી તે પણ સમજી જશે. તો અહીં કહે છે ક્ષમારૂપી શસ્ત્ર તમારા જીવનમાં જોઈએ. તમે ક્ષમા આપવાનું ન ભૂલો તમે કોઈને ક્ષમા આપી દો તો એ ભગવાનને બહુ પ્રિય છે. ક્ષમા આપવી એનું નામ છે ધર્મ, ક્ષમારૂપી ધર્મ આપણામાં સ્થિર જોઈએ. સુખ જોઈતું હોય તો ક્ષમારૂપી ધર્મનું પાલન કરો. ક્ષમા આપો તો સુખ થાય. ક્ષમા ન આપો તો સામેની વ્યક્તિ દુઃખી થાય. ક્ષમા આપતા શીખો.

सत्या अप्पद्यते धर्मो दया दान विवद्यते।
क्षमायार्थते धर्मो क्रोधा धर्मो विवषते॥

સત્ય બોલવાથી, સત્યનું આચરણ કરવાથી ધર્મ પ્રગટ થાય છે. દયાદાનથી ધર્મ વધે છે. ક્ષમા માંગવાથી ધર્મનો નાશ થતો નથી અને ક્રોધ કરવાથી ધર્મનો નાશ થાય છે.

મહાભારતના યુદ્ધમાં અઢારમા દિવસે પાંડવો રણભૂમિની અંદર ઉભા છે. દુર્યોધન પડ્યો છે. પ્રાણ ગયા નથી. હજી જીવે છે. પીડા થાય છે. એટલી જ વારમાં અશ્વસ્થામા આવે છે એ ભગવાન શ્રીકૃષ્ણએ જોયુ. એ તો અંતર્યામી છે. તે બધુ જાણી ગયા કે અશ્વસ્થામા આવે છે. અશ્વસ્થામા દુર્યોધનને કહે છે કે હું તમારા શત્રુના માથા કાપીને લઈ આવું. દુર્યાધનને શાંતિ આપવા માટે અશ્વત્થામા રાત્રે આવીને પાંડવોની છાવણીમાં સૂતેલા પાંડવોના પુત્રના માથા કાપીને લાવ્યા. અશ્વત્થામાને થયું કે આ પાંડવો છે. એમણે કહ્યુ કે મિત્ર લે, તારા પાંચેય શત્રુના માથા કાપી લાવ્યો છું. તો દુર્યોધન એક એક માથું હાથમાં લે છે. જ્યાં હાથમાં માથું લે તો કેટલા કોમળ લાગ્યા પાંડવોના માથા તો કઠણ છે. બાળકનું માથું કોમળ હોય છે. દુર્યોધન પશ્ચાતાપ કરે છે અને કહે છે કે આ એક પણ માથું પાંડવોનું નથી. કોમળ છે. મારે વેર હતું પાંડવો સાથે તેના છોકરાઓ સાથે નહિ. તેં મોટું અનર્થ કર્યું છે. આ બાજુ દ્રૌપદી છાવણીની અંદર પ્રવેશ કરે છે અને જુએ છે કે પાંચેય પાંડવોના પુત્રના માથા કપાયને લોહી લુહાણ થઈ ગયા છે. દ્રૌપદીના મોઢામાંથી ચીસ નીકળી ગઈ. બાજુની છાવણીમાં પાંડવો સૂતા હતા. હાથમાં હથિયાર લઈને આવ્યા. પાંચેયની લાશ પડી છે. અર્જુન જુએ છે. જેણે માર્યા છે તેને હું જીવતો નહિ
છોડું. ભગવાનને ખબર હતી કે અશ્વસ્થામાએ માર્યા છે. ભગવાન અને અર્જુન રથ લઈને અશ્વસ્થામાને શોધવા જાય છે. અસ્વસ્થામા સામે મળે છે અને જુએ છે કે અર્જુન તો ગાંડીવ લઈને સામે આવી રહ્યો છે. પોતાના પુત્રને બચાવવા અર્જુને બ્રહ્માશસ્ત્ર છોડ્યું. અશ્વસ્થામાએ પણ બ્રહ્માશસ્ત્ર છોડ્યું બંને વચ્ચે ભગવાન વેદવ્યાસ ઉભા રહી ગયા. બંનેને કહ્યું કે બ્રહ્માશસ્ત્ર પાછું ખેંચી લો. ત્યારે અર્જુને પોતાનું બ્રહ્માશસ્ત્ર પાછું ખેંચી લીધું. અશ્વત્થામા પાસે બ્રહ્માશસ્ત્ર પાછુ ખેંચવાની શક્તિ ન હતી. તેનું બ્રહ્માશસ્ત્ર પણ અર્જુને પાછું ખેંચી લીધું. પાંડવે અશ્વસ્થામાની ચોટલી ખેંચીને છાવણીમાં લાવ્યા. દ્રૌપદીને કહ્યું કે આ પુત્રના હત્યારાને શું સજા કરવી છે? આંખમાંથી આંસુ જાય છે છતાં કહે છે કે છોડી દો ગુરુ પુત્રને. ભીમ કહે છે આ પાંચ પુત્રને મારનાર છે એને ન છોડાય. દ્રૌપદી કહે છે. શાસ્ત્રની અંદર લખ્યું છે કે બ્રાહ્મણને ક્યારેય મારવો ન જોઈએ. બ્રાહ્મણનું તેજ એની ચોટલીમાં છે. ચોટલી કાપી નાંખો એટલે માર્યા બરાબર થઈ જાય. અર્જુને ચોટલી કાપીને અપમાનીત કરી છાવણીની બહાર ધક્કો મારી દીધો. દ્રૌપદીમાં ક્ષમા હતી. પાંડવોમાં શક્તિ પણ હતી. તેઓ અસ્વસ્થામાને મારી પણ શકત. ક્ષમા તે ધર્મ છે એટલે દ્રૌપદીએ ક્ષમા ધર્મનું પાલન કર્યું. તેથી ભગવાને પાંડવો પર કૃપા કરી.

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ દડવા, (રાંદલના) સ્વ. સુરેશભાઈ વલ્લભભાઈ માંગુકિયા (ઉંમર વર્ષ ૪૨) સંવત ૨૦૭૪ મહા સુદ-૧૧ તા.૨૭-૧-૨૦૧૮ ને શનિવાર ના રોજ માધવ શરણ પામેલ છે. સદ્ગુરુ ભગવાન જીવાત્માના આત્માને શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ દડવા, (રાંદલના) સ્વ. મેઘજીભાઈ વાઘાભાઈ માંગુકિયા (ઉંમર વર્ષ ૯૦) સંવત ૨૦૭૪ મહા વદ-૪ તા.૪-૨-૨૦૧૮ ને રવિવાર ના રોજ માધવ શરણ પામેલ છે. સદ્ગુરુ ભગવાન જીવાત્માના આત્માને શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ દડવા, (રાંદલના) સ્વ. રણછોડભાઈ ખીમજીભાઈ માંગુકિયા (ઉંમર વર્ષ ૭૨) સંવત ૨૦૭૪ ફાગણ સુદ-૨ તા.૧૭-૨-૨૦૧૮ ને શનિવારના રોજ માધવ શરણ પામેલ છે. સદ્ગુરુ ભગવાન જીવાત્માના આત્માને શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

**(૧) બગાડ ન કરવો ! :** જમતી વખતે થાળીમાં એઠું મૂકવું અને પછી તે ફેંકી દેવું. પાણી પીતી વખતે પ્યાલામાં આખો પ્યાલો ભરીને પાણી લેવું, થોડું પીવું બાકીનું ઢોળી દેવું, બધા જમી રહ્યા પછી વધેલું અન્ન ગટરમાં વહાવી દેવું અથવા ઉકરડે ફેંકી દેવું. એ અન્ન અને પાણીનો કારણ વગરનો બગાડ છે. આપણા દૈનિક જીવનમાં આપણે આવું તો કેટલુંય જરૂર વગરનું અને કારણ વગરનું કરીએ છીએ. એક ઓરડામાંથી બીજા ઓરડામાં જતાં ખાલી ઓરડાના લાઈટ અને પંખા બંધ કરતા નથી. પાણીના નળ ટપકતા જ હોય અથવા ચાલુ જ હોય. આપણા વિદ્યાર્થીઓ નોટોનાં કેટલાં બધાં પાનાં જરૂર વગર ફાડતા હોય છે. પેન્સિલ છોલે છે તો કેટલી બધી એક સાથે છોલાય જાય છે. રંગ પૂરતા હોય તો કેટલા બધા રંગ બગડે છે. જાહેર રસ્તા ઉપનરી લાઈટો કેટલી વખત દિવસે પણ ચાલુ જ હોય છે. લખતી વખતે પાટીને બદલે નોટનો ઉપયોગ કરવાથી ખર્ચ વધે છે. આજકાલ અમેરિકામાં યુઝ એન્ડ થ્રો ની ફેંકુ સંસ્કૃતિનું વલણ વધ્યું હોવાથી કેટલી બધી ફેંકી દેવાની વસ્તુઓનું ઉત્પાદન વધ્યું છે. આના કારણે ઉપભોગનું સુખ પ્રાપ્ત થતુ નથી. માત્ર પૈસા નિરર્થક વેડફાય છે.

**(૨) ચીજ વસ્તુઓની જાળવણી :** આમારી બાજુમાં એક માજી રહેતાં હતાં. ખૂબ પૈસાદાર ઘર. વારસાગત સમૃદ્ધિ પણ ખરી અને કમાણીની આવક પણ સારી. પરંતુ એમને ત્યાં કપડાં સાંધવાની એક નાનકડી સોય પચ્ચીસ વર્ષથી એકની એક જ હતી. તેઓ કંજૂસ નહોતાં. પૈસા વાપરી જાણતાં હતાં. પણ જાળવણી એવી કે બિનજરૂરી ખર્ચ કદી ન થાય.

**(૩) કરકસર :** ઓછામાં ઓછી વસ્તુથી વધુમાં વધુ ઉપભોગનું સુખ મેળવવું એ કરકસર છે. ઓછા સમયમાં વધુ કામ કરવું એ સમયની કરકસર છે. ઓછા પરશ્રિમથી સારૂં કામ કરવું એ શ્રમની કરકસર છે. ઓછા પૈસા ખરચીને વધુ વસ્તુઓ પ્રાપ્ત કરવી એ પૈસાની કરકસર છે. ઓછા કાગળ વાપરીને વધુ લખવું એ કાગળની કરસર એ કંજૂસાઈ નથી. કરકસર એ ચીજવસ્તુઓનો સારામાં સારો ઉપયોગ છે. કરકસર એ ઉડાઉપણાની વિરૂધ્ધની સંકલ્પના છે. ખપ પૂરતું જ વાપરવું. ક્યારેક ખપ કરતા જરાક ઓછું વાપરવું પણ એટલું ઓછું નહી કે આપણને અભાવ અનુભવાય.

આજે સામાન્ય રીતે વિચાર કરવાની પદ્ધતિ એવી છે કે મફત મળે છે તો વાપરો, વાપરી નાખો, જરૂર કરતાં ઘણું વધારે લો. કોઈ ટોકતું નથી તો વાપરો, કોઈ જોતું નથી તો વાપરો. મારૂં નથી ને બીજા કોઈનું છે તો વાપરવામાં કશો વિચાર કરવાની જરૂર નથી. આ અત્યંત બેજવાબદાર જેવી વૃત્તિ છે અને પરિણામે સાર્વજનિક રીતે વસ્તુઓ વેડફાય છે અને પ્રજા છેવટે દરિદ્રતા નોતરે છે.

**(૪) સંયમ :** સંયમ આપણને વિચારશીલતા તરફ દોરે છે અને વિચારશીલતા હોય તો નિરર્થક પૈસા ખરચવાનું કે નિરર્થક સંગ્રહ કરવાનું, નિરર્થક વાપરવાનું કે નિરર્થક ફેંકી દેવાનું દુષણ ફેલાતું નથી. પરિણામે સમગ્ર જનસમાજની આર્થિક સ્થિતિ સંતુલિત બને છે.

**(૫) સાદગી :** સાદગી ખરેખર તો મહાન સદ્‌ગુણ છે. એ માત્ર આર્થિક સદ્‌ગુણ નથી પણ ચારિત્ર્યિક સદ્‌ગુણ છે. સાદગી એ વ્યવસ્થા માત્ર નથી, જીવનનો દ્રષ્ટિકોણ છે. પરંતુ સાદગીનો અર્થ આપણે બહુ ખોટી રીતે સમજીએ છીએ. સાદુ એટલે સસ્તુ. સારું એટલે સુંદર નહીં, સાદુ એટલે ગરીબ. સાદુ એટલે પછાત આવા બધા પર્યાયો અને અર્થઘટનો આપણે સાદગી માટે શોધી કાઢ્યા છે. સાદગી એ અત્યંત સાત્વિક અને આનંદદાયક અનુભવ છે. એ તો અનુભવથી જ અનુભવી શકાય છે. સાદગી અપનાવવાથી આપણે ગરીબ બની જતા નથી. ■

# સત્સંગનું પ્રથમ પગથિયુ

ગોરધનભાઈ જે. ગાબાણી
પીપળીયા

પરમકૃપાળુ પરમાત્માની અસીમ કૃપાથી આપણને પ્રગટ પરમાત્મા સ્વરૂપ પ્રાતઃ સ્મરણીય શાંતમૂર્તિ સરલ સ્વભાવ ત્યાગ વૈરાગ્ય સંયમ માધવપીઠાધિશ્વર સ્વામી શ્રી જગદીશાનંદજી મહારાજ વેદાન્તાચાર્ય પ્રાપ્ત થયા છે. તેઓ સમાજના હિતાર્થે ટાઢ, તડકો કે વરસાદની પરવા કર્યા વિના અવિરત પણે જ્ઞાનગંગા વહાવતા રહે છે. તેઓશ્રી જનસમુદાયના શ્રેયાર્થે ભારતીય તત્વજ્ઞાન, વેદ-પુરાણો, ઉપનિષદો, શ્રુતિ-સ્મૃતિઓ ઉપર હંમેશા દરેક જિજ્ઞાસુ સત્સંગ સમજી શકે તેવા સરળ, મધુર અને હળવી શૈલીમાં હંમેશા પ્રવચન-પુષ્પોની મધુર સુવાસ ફેલાવતા રહે છે. અરે, ભારત તો શુ પણ વિદેશમાં પૂ. સ્વામીજી મહારાજ ભારતની દિવ્ય સંસ્કૃતિનો વિજય ધ્વજ લહેરાવતા રહે છે. કેવા અહોભાગ્ય આપણા કે આજે આપણી સમક્ષ આવા જીવન મુક્ત, ત્યાગી, પરમ વૈરાગી, જ્ઞાન-વિજ્ઞાનના ભંડાર, પ્રેમ-વાત્સલ્યતાનું જાણે કે સાક્ષાત્ સ્વરૂપ. ભક્તોના જુગજુગના અજ્ઞાનના પડળોને અંધકારને ઉલેચી જીવનમાં જ્ઞાનની જ્યોતિ પ્રગટાવી પરમ પ્રકાશ પાથરનાર પ્રાણીમાત્રના હિતેચ્છી એવા ગુરૂદેવ મળ્યા છે. તો શુ આવા સદ્‌ગુરૂના સત્સંગનું મૂલ્ય સમજી આપણે તેની કિંમત કરીએ છીએ ખરા? આપણે જોઈએ છીએ કે પૂજ્ય સ્વામીજી મહારાજ જ્યારે ગામમાં, શહેરમાં પધાર્યા હોય ત્યારે સત્સંગમાં લગભગ પુરતી ફુરસદ લઈને દર્શને જતા નથી આળસ ચડે છે. અગર જોઈએ છીએ વેલા-મોડા પણ જતા હોઈએ છીએ. પરિણામે ચાલુ પ્રવચનમાં ખલેલ (ડિસ્ટર્બ) પહોંચતી હોય છે. બીજુ કે કદાચ સંજોગોવશાત્ થોડા મોડાં પહોંચીએ તો સ્વામીજી મહારાજની તદ્દન નજીક જઈને દર્શન કરવાના બદે દૂરથી જ નમસ્કાર કરી પાછળ જ્યાં જગ્યા મળે ત્યાં શાતિથી બેસી જવું. કોઈ મોડાં આવે તો ઘણા ભાઈઓની ટેવ એવી હોય છે કે મોડા આવનારને આગ્રહપૂર્વક કહેતા હોય છે કે આગળ ચાલ્યા આવો જગ્યા છે. તો આમ ન થવું જોઈએ કારણ કે ચાલુ કથાએ વચ્ચે બીજાને બોલવું કે ઈશારા કરવાથી સમગ્ર સભાનું ધ્યાન ત્યાં કેન્દ્ર થતું હોય છે. પરિણામે કથા કહેનાર અને સાંભળનાર બંનેની એકાગ્રતા તૂટી જતી હોય છે. કથા પુરી થયા બાદ દર્શન કરવા માટે ધક્કા મુક્કી ન કરતાં શાંતિથી અને સભ્યતાથી લાઈનસર દર્શન કરવા જોઈએ તથા કથામાં પણ લાઈનમાં બેસવુ જોઈએ લાઈન તુટવી ન જોઈએ. સદ્‌ગુરૂ સ્વામીજી મહારાજ સભાખંડમાં આવે ત્યારે દરેક સેવક ભાઈ-બહેનોએ આદર આપવા ઉભા થઈ જવુ જોઈએ. આળસ ન કરવી જોઈએ, સ્વામીજી મહારાજ આસન પર બીરાજમાન થઈ જાય ત્યાર પછી જ બેસવું જોઈએ. સદ્‌ગુરૂ સ્વામીજી મહારાજશ્રીની સન્મુખ કથા સાંભળતા ભાઈઓએ પગ ઉપર પગ ચઢાવીને કે લાંબા પગ કરીને બેસવુ નહી. જો પગની તકલીફ હોય તો પાછળ બેસવું સભાખંડમાં ઘોંઘાટ કે ઉચા સાદે બોલવું નહીં. પ્રસાદ ગ્રહણ કરવામાં પણ પુરી શિસ્ત જાળવીને શાંતિ જાળવવી જોઈએ. બીજુ કે આપણે જોઈએ છીએ કે સત્સંગમાં જેટલી હાજરી થતી નથી તેના કરતા જ્યારે કોઈ જમવાનો પ્રોગ્રામ હોય (સમૂહભિક્ષા) ત્યારે હાજરી વિશાળ પ્રમાણમાં જોવામાં આવે છે. આનું કારણ ? શું આપણ ને જમવામાં વધુ રસ છે. જમણવાર પછીના સત્સંગમાં જોઈએશું તો કથામાં ભાઈ-બહેનોની હાજરી સાવ ઓછી જોવા મળે છે. તો આપણે સત્સંગનો મહીમા ક્યારે સમજશું? સદ્‌ગુરૂ દેવ ગામમાં કે શહેરમાં પધારે ત્યારે દર્શન કરવા કે સત્સંગમાં પણ ન જઈ શકાતું હોય તો આપણે સેવક કહેવાઈ ? ગુરૂ ધારણ કરવાનો લાભ શું જેટલા દિવસ સદ્‌ગુરૂ સ્વામીજી મહારાજ પોતાના ગામમાં કે શહેરમાં પધાર્યા હોય ત્યાં સુધી દિવસમાં એક વખત

દર્શન કરવા અવશ્ય જવું જોઈએ. સાચા સેવનું પ્રમાણ છે કે નિત્ય સવારે શ્રી ગુરૂગીતાનો પાઠ કરરવો ને સાંજે આરતી-ધોળ પ્રાર્થના ધૂન કરવી જ્યારે ટાઈમ મળે ત્યારે હાલતા-ચાલતા આરતી બોલી લેવી. ટાઈમ ન મળે તો સત્ય તો એ જ છે કે શાંતિથી બેસી આરતી કરવી તેથી સદ્ગુરૂ ભગવાન બહુજ પ્રસન્ન થશે. નિત્ય નિયમ રાખો, ઘરે નિત્ય નાહી-ધોઈને દંડવત પ્રણામ કરો જેથી બાળકોમાં સંસ્કાર પડશે. આશ્રમમાં જ દંડવત કરવા એવુ નથી. ઘરને આશ્રમ માનીને આરતી, પાઠ, દંડવત કરો ત્યાં પણ સદ્ગુરૂ પ્રતિમારૂપે પ્રગટ બીરાજમાન છે. બાળકોને સારા સંસ્કાર જ તમને સુખ શાંતિ આપશે. બહારની શાંતિ તો પછી મળશે ઘરની શાંતિ કાયમ સુખ આપશે. ઘરમાં દરેકને નાના મોટા સભ્યને જય સચ્ચિદાનંદ કહેવા. જય સચ્ચિદાનંદ બોલવાથી વાણી શુદ્ધ થશે ને ઘરમાં અણબનાવ હશે તો પણ મટી જશે. ઘરમાં આવભાવ વધી જશે. આવો નિયમ જીવનમાં બહુ જ લાભદાયક બનશે. ખાસ કરીને યુવાનો આપણે ક્યાં સુધી અંધકારમાં અથડાતા રહીશું? આપણને જીવન સફરનો ભોમિયો મળ્યો છે તો તેનો અનાદર કરી આપણી રીતે આમ ક્યાં સુધી ભટકતા રહેશું? પ.પૂ. સદ્ગુરૂ સ્વામીજી મહારાજશ્રી વારંવાર કહેતા કે વિશ્વમાં કોઈની તાકાત નથી કે સચ્ચિદાનંદ નામનો વિરોધ કરી શકે કારણ કે સત્યની કોને જરૂર નથી? ચૈતન્યની કોને પરવા નથી? ને આનંદ કોને નથી જોયતો આમ કોઈ ધર્મ કે સંપ્રદાયનો માણસ સચ્ચિદાનંદ વિરોધ કરી શકે તેમ નથી. તો આવા મહાન સદ્ગુરૂદેવનાં સત્સંગનો લાભ લેવા આપણે વિવેક કેળવવાની ખાસ જરૂર છે કારણ કે વિવેક વિના જ્ઞાન સંભવ જ નથી. સદ્ગુરૂદેવના મુખારવિંદમાંથી નીકળેલી વાણીને એકચિત્તે મન કેન્દ્રિત કરીને કથા શ્રવણ કરીએ તો જ આત્મા-પરમાત્મા,જડ-ચેતન. નિત્ય-અનિત્યનું જ્ઞાન આપણામાં ઉતરશે. સારું જીવન જીવવું હોય તો પહેલા શરીરને પવિત્ર રાખવું જરૂરી છે. ખાસ કરીને દરેક માનવ સવારમાં ઉઠીને પહેલા તો સ્નાન કરે છે. જેમ તનની શુદ્ધિ સ્નાનથી થાય છે. તેમ મનની શુદ્ધિ ભજન-સ્મરણથી થાય છે. માટે નિત્ય સદ્ગુરૂ પરમાત્માનું સ્મરણ કરતું રહેવું જેથી મનની શુદ્ધિ થાય છે. પહેલા તો શરીરનો નકામો કચરો બહાર ફેંકી દેવો જોઈએ. વ્યસન, ફેશન, આળસ, પ્રમાદ, ઈર્ષ્યા, અદેખાઈ, કામ, ક્રોધ, લોભ અને મોહ જેવા વિષયોને છોડી દેવા જોઈએ. જીવનમાં સંત પુરૂષો આપણને શિખામણ આપે છે કે પહેલા વ્યસન વિષય છોડો અને પછી ભજન કરો. પહેલા જે વસ્તુને બહાર કાઢવાનું કહ્યું તે કરો અને પછી પ્રભુ ભજન કરો. સરોવરમાં પાણી ભર્યું હોય અને જો તે પાણી હલતુ હોય તો આપણું પ્રતિબિંબ દેખાતુ નથી. પાણી સ્થિર હોય તો જ પ્રતિબિંબ બરાબર દેખાય છે. તેવી રીતે મન ચોખ્ખું હોય તો જ સાચી વસ્તુનો અનુભવ થાય છે અને સત્ય વાત હૃદયમાં ઉતરશે. પણ જો અંતઃકરણ ચોખ્ખું નહિ હોય તો કોઈ ઉપદેશ જીવનમાં ઉતરશે નહીં તો સૌ પ્રથમ શરીર શુદ્ધિ બીજુ મનની શુદ્ધિ અને આચાર-વિચાર શુદ્ધ હશે તોજ જીવન પવિત્ર બનશે. પણ જો સમજ્યા વિના કાંઈ પણ કરશો તો પસ્તાવો જ થશે. ખોટા વ્યસન - બીડી, તમાકુ, દારૂ વગેરે છોડી દરેકે તામસિક પદાર્થ ગ્રહણ કરવા જોઈએ નહિં. હંમેશા સાત્વિક પદાર્થ લેવા જોઈએ. પરમાત્માને મેળવવા માટે અંતઃકરણ-ઈચ્છા વાસનાથી રહિત નિર્મલ બનાવવું જોઈએ.

## ॥ શ્રધ્ધાંજલી ॥

**ગામ ઉખરલા, હાલ સુરત સ્વ. ધનજીભાઈ વશરામભાઈ ભીકડીયા (ઉંમર વર્ષ ૯૦) સંવત ૨૦૭૪ મહા વદ-૨ તા.૨-૨-૨૦૧૮ ને શુક્રવાર ના રોજ માધવ શરણ પામેલ છે. સદ્ગુરુ ભગવાન જીવાત્માના આત્માને શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

રેખાબેન આર. મચાણી
(ભાવનગર)


ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પરમ પૂજ્ય સ્વામી શ્રી હરિહરાનંદ સાગરજી મહારાજશ્રીના હરદ્વિાર મુકામે શ્રીમદ્ ભગવદ્ ગીતાના ચતુર્થ અધ્યાય પર કરેલ કથા સત્સંગ સાર.

પ્રિજ સ્વજનો,

સનાતન ધર્મને વૈદિક કહેવામાં આવે છે. વૈદિક એટલા માટે કે વેદ દ્વારા પ્રતિપાદિત છે. એટલા માટે વેદ એ જ એક માત્ર પ્રમાણ હોય એવા ધર્મને વૈદિક કહેવામાં આવે છે. ધર્મ અને બ્રહ્મ એ બે એવા તત્ત્વો છે કે જેનો વેદથી અતિરીક્ત બીજાં કોઈથી પ્રતિપાદિત થતું નથી અને ધર્મ એટલે પુણ્ય અને પાપ. ધર્મ અને અધર્મ માટે કેવળ વેદ દ્વારા જ નક્કી થાય કે કોને ધર્મ કહેવાય અને કોને અધર્મ કહેવાય. આચાર્ય મહાપુરૂષો કહે છે કે જે ઈષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટના પરિહારને અને એનો જે ઉપાય છે, એ ઉપાય બતાવે તેને વેદ કહેવામાં આવે છે. અલૌકિક ઉપાય બતાવે તેને વેદ કહેવામાં આવે છે. ઈષ્ટની પ્રાપ્તિમાં અલૌકિક ઉપાય અને અનિષ્ટનો પરિહાર કરવાનો જે ઉપાય બતાવે તેને અલૌકિક ઉપાય કહેવામાં આવે છે. ઈષ્ટ અને અનિષ્ટ એટલે સારું અને મોળુ (ખરાબ) ઈષ્ટ એટલે ગમતું અને અનિષ્ટ એટલે અણગમતું. આપણને બધાને સારું ગમે છે કે ખરાબ? બોલો. સારું પણ, આપણે જે રાખીએ છીએ, પકડીએ છીએ, સાચવીએ છીએ તે બધું સારુ જ છે? કેમ નથી કહેતા એકેય સારું છે. તમે કહેશો અમારે કામનું છે. આપણા બધાય માટે ગમતું હોય તે સારું અને કામનું હોય પણ ગમતું ન હોય તો તે નકામું લાગે છે. આપણે બધાને દષ્ટિ-સારું જોઈતું છે. અનિષ્ટ એટલે ગમતું નથી, તેનો ત્યાગ કરવો છે. અથવા કરીએ છીએ. અથવા ઈષ્ટ એટલે સમજો સુખ અને અનિષ્ટ એટલે દુઃખ. શેના દ્વારા સુખ અને શેના દ્વારા દુઃખ મળે છે તે બેય જાણવું જોઈએ. આ સંસારમાં એક પણ એવો વ્યક્તિ શોધી લાવો કે જે સુખી ન હોય કાં તો દુઃખી ન હોય. યથાપિ સુખી હોય જ નહિં. એવો વ્યક્તિ શોધી લાવો કે જે સુખી જ હોય અર્થાત્ દુઃખી હોય જ નહિ. કેમ એવું? એટલા માટે આપણે ત્યાં શાસ્ત્રોએ એવું કહ્યું કે - **આ જે મનુષ્ય શરીર છે એ મિશ્ર કર્મનું ફળ છે. મિશ્ર એટલે પાપ અને પુણ્ય બેય ભેગા હોય. તેને મિશ્ર કહેવાય.** જેમ ચોખા અને દાળ ભેગા હોય તો તેને ખીચડી કહેવાય અને જો ચોખા અલગ હોય અને દાળ અલગ હોય તો દાળ અને ચોખા કહેવાય છે, પણ જો બેય ભેગા હોય અને મિશ્ર થઈ જાય તો એક ત્રીજો પદાર્થ ઉભો થઈ જાય ખીચડી. એવી રીતે આ મનુષ્ય શરીર મળવાનું કારણ એ પાપ અને પુણ્ય બેઉ મિશ્ર એટલે સરખા હોય ત્યારે મળે છે. જો પુણ્ય કર્મ વધારે હોય તો મનુષ્ય શરીર નહિં મળે. તેને દેવતાઓનું શરીર મળે છે. દેવ શરીર મનુષ્ય શરીર કરતા શ્રેષ્ઠ છે અને ઉંચુ છે. જેમ તેમાં પુણ્ય કર્મનો જે આર્તજ્ઞ છે એ પ્રમાણે દેવતા શરીર પ્રાપ્ત થાય છે અને કર્મનો એ શ્રેષ્ઠાદિ શ્રેષ્ઠ ફળ છે. એ ઈન્દ્રિાદિ પદની પ્રાપ્તિ છે. શ્રીમદ્ ભાગવતની કથામાં બલિરાજાની કથામાં બતાવ્યું છે. બલિરાજાએ એકસો અશ્વમેઘ યજ્ઞ કર્યાં છે એટલે હવે પછીનો જે મનવન્તર આવશે એ મનવન્તરમાં બલિરાજા ઈન્દ્ર બનશે. મનવન્તર એટલે મનુનો એક દિવસ, મનુ એ બ્રહ્માજીના પુત્ર છે. મનુનાં એક દિવસને મનવન્તર કહેવામાં આવે છે. એક મનવન્તરમાં એકોતેર ચર્તુયુગ હોય. એક ચર્તુયુગ એટલે તેતાલીસ લાખ વીસ હજાર (૪૩ લાખ ૨૦ હજાર) વર્ષ વિતે ત્યારે ચતુર્યુગ કહેવાય. ચર્તુયુગ એટલે ચાર યુગ, (૧) સત્યયુગ (૨) ત્રેતાયુગ (૩) દ્વાપરયુગ (૪) કલિયુગ આ ચારેય યુગ એકઠા કરીને ચર્તુયુગ કહેવામાં આવે છે. એકોતેર ચતુર્યુગ વિતે એટલો મનુનો એક દિવસ થાય. (તેતાલીસ લાખ વીસ હજાર વર્ષ એટલે એક

ચતુર્યુગ ग ૭૧ ચર્તુયુગ ત્ર જેટલા વર્ષ થાય એટલો મનુનો એક દિવસ થાય.) એક મનવન્તર વિતે એટલે મનવન્તરમાં ઈન્દ્ર બદલાય જાય, દેવતા બદલાય જાય બધા બદલાય જાય. જેમ મનુષ્યનો એક દિવસ-રાત થઈને ૨૪ કલાકનો એવી રીતે મનુષ્યની ઉપર કોટીના જે દેવતાઓ છે એ બધાનાં દિવસના પરિમાણમાં આવો ભેદ છે. એટલે કર્મનું ફળ જે છે એ સકામ કર્મનું ફળ ઈન્દ્રિપદની પ્રાપ્તિ અને પાપ કર્મનું જે ફળ એ સ્તંબની પ્રાપ્તિ. ઘોરાદિઘોર (ઘોર થી પણ ઘોર) પાપ કર્મનું ફળ સ્તંબ જીવની પ્રાપ્તિ અને ઉંચાથી ઉંચા પુણ્ય કર્મનું ફળ જેમ કહ્યું ઈન્દ્રપદની પ્રાપ્તિ. પાપ અને પુણ્યકર્મ મિશ્ર હોય જેમ કહ્યું કે તેથી દેહ ફળની પ્રાપ્તિ એટલે મનુષ્ય જન્મ પાપ અને પુણ્યનો બેઉનું મિશ્ર હોય એટલે મનુષ્ય જેટલો સુખી દેખાય છે. એટલો અંદરથી દુઃખી હોય છે અને જેટલો બહારથી દુઃખી દેખાય છે એટલો અંદરથી સુખી હોય છે. એટલે કોઈ મનુષ્ય કહી ન શકે કે હું એકલો સુખી જ છું કે એકલો દુઃખી જ છું. જેની પાસે ફુટી કોડી પણ ન હોય તે દુઃખી જ હોવો જોઈએ એવું નથી અને જેની પાસે સંસારના બધા જ પદાર્થો વિદ્યમાન છે એ સુખી જ છે એવું નથી. કરોડોની સંપત્તિનો માલિક હોય તો પણ દુઃખી છે એટલે નક્કી થઈ ગયું કે પદાર્થ જે છે એ સુખનું કે દુઃખનું કારણ નથી. જો પદાર્થ સુખ યા દુઃખનું કારણ હોત તો જેની પાસે વધારે પદાર્થો હોય તે વધારે સુખી અને જેની પાસે ઓછા પદાર્થો હોય તે વધારે દુઃખી હોય પણ એવું નથી. એટલે નક્કી થાય છે કે મનુષ્યના સુખ અને દુઃખનું કારણ છે એ પ્રાચીન કર્મ છે. પ્રાચીન કર્મ એટલે પૂર્વ જન્મના કર્મ. પૂર્વ જન્મમાં કરેલા કર્મ પ્રારબ્ધ કર્મ કહેવામાં આવે છે. પૂર્વના કરેલા કર્મ એ ફળ દેવાવાળા કર્મને પ્રારબ્ધ કર્મ કહેવામાં આવે છે. જેવી રીતે આપણે ઘઉં જે બાર મહિનાના ભેગા કરીએ છીએ એમ. પણ દળાવીએ કેટલા? જોઈતા પ્રમાણમાં. બધા એક સાથે દળાવતા નથી. એક એક ડબ્બો દળાવીએ, તો એ દળાવવા માટે જેટલા ઘઉં કાઢ્યા એ પ્રારબ્ધ કર્મ કહેવામાં આવે છે. એવી રીતે જેટલા કર્મ ફળ દેવામાં પ્રવૃત્ત થયાં એને પ્રારબ્ધ કર્મ કહેવામાં આવે છે અને પ્રારબ્ધ કર્મમાં સુખ અને દુઃખ દેવાવાળા બેય કર્મ હોય છે. એટલે મનુષ્ય શરીર મિશ્રકર્મનું ફળ છે. એટલે મનુષ્ય શરીરમાં મનુષ્ય જેટલો સુખી એટલો દુઃખી અને જેટલો દુઃખી એટલો સુખી હોય છે.

ગીતાના ચતુર્થ અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે જીવ ત્રણ પ્રકારના કર્મનું ફળ ભોગવે છે. ઈષ્ટકર્મનું ફળ એ જેમ કહ્યું કે સ્વર્ગાદિલોકની પ્રાપ્ત્િ. અનિષ્ટકર્મનું ફળ બતાવ્યું નીચ તિર્યાદિ જીવની પ્રાપ્તિ. તિર્યાદિ એટલે મનુષ્યથી જે નીચા જીવ કહેવાય અને એ આપણને દેખાય. દેવ આદિ આપણને દેખાય નહિ. હવે મિશ્ર કર્મ એટલે જે ભેળુ છે, જે મનુષ્ય શરીર મિશ્રકર્મનું ફળ છે મનુષ્ય શરીરની રચના તમે જુઓ તો તે નીચેથી ઉપર તરફ જતી શરીરની અતિરીક્ત રચના છે અને મનુષ્ય શરીરથી નીચા જે બધા જીવો છે તે બધા આડા શરીર છે. મનુષ્ય શરીર ઉભુ છે. તિર્યક એટલે અહીંને અહીં ફરે તેને તિર્યક કહેવાય અને મનુષ્યનું શરીર એવું છે કે એ જો ચાહે એટલે સત્કર્મો કરે તો એ ઉપર શ્રેષ્ઠ શરીરને પણ પ્રાપ્ત કરી શકે. નહિંતર સ્વાભાવિક કર્મ કરે, પાપ કર્મ કર્યા કરે તો મનુષ્ય શરીર પ્રાપ્ત કરે. એટલે મનુષ્યને ભગવાને સ્વતંત્ર બનાવ્યો છે એટલે જ પાપ અને પુણ્ય મનુષ્ય શરીરમાં લાગે છે. સિંહ ગાયને મારે તો તેને ગૌહત્યા ન લાગે, પણ મનુષ્યને લાગે, કારણ કે પાપ અને પુણ્ય એ મનુષ્ય માટે જ લાગે અને મનુષ્યમાં જે પાપ અને પુણ્ય થાય છે અને મનુષ્ય શરીરમાં પાપ અને પુણ્યને લીધે મનુષ્યથી ઈતર શરીર પ્રાપ્ત થાય છે. એટલે ઈષ્ટ (એટલે સુખ) અને અનિષ્ટ એટલે દુઃખ. આપણે બધા સુખને ઈચ્છીએ છીએ. અનિષ્ટને દૂર કરવા માંગીએ છીએ અને આ ઈષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટની પરિહાર એના જે અલૌકિક ઉપાય બતાવે તેને વેદ કહેવામાં

આવે છે. ઈષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટના પરિહારના ઉપાય બતાવ્યા છે. (૧) લૌકિક ઉપાય અને (૨) અલૌકિક ઉપાય. જેમ અહીં બેઠા બેઠા મોબાઈલ દ્વારા દૂર રહેલા પરિવાર કે કોઈ વ્યક્તિ સાથે વાત કરી શકીએ છીએ. નહિં તો મેદાનમાં જઈને અવાજ કરીને બોલો તો પણ દૂર અંતરે કોઈને સંભળાય નહિં તો જેમ મોબાઈલ દ્વારા દૂર રહેલા સાથે વાત કરવાની સુવિધા બતાવે છે તે લૌકિક ઉપાય છે. એમ આ બીજા જે જે કાર્ય વ્યવહાર કરતા હોઈએ તેના ઉપાય બતાવે છે. દુઃખની નિવૃત્તિ કરવાના લૌકિક ઉપાય છે તે અસ્થાયી છે. તે હંમેશા રહેવાવાળા નથી. જેમ ગરમીને દૂર કરવા એ.સી.માં બેસી રહીએ. તો શું ચોવીસ કલાક એ.સી.માં બેસી રહેશો? એ.સી. એ ગરમીને દૂર કરવાનો કાયમી ઉપાય છે? તે ઉપાય નાશ થવાવાળો છે. ઠંડીમાં ગરમ કપડા પહેરીએ, તાપણું કરીએ ત્યારે પોતાના પૂરતી ઠંડી દૂર થાય. પણ આજુ-બાજુની ઠંડી દૂર કરી શકતા નથી. મનુષ્ય જીવને ત્રણ પ્રકારના દુઃખ છે. આધ્યાત્મિક આધિદૈવિક અને આધિભૌતિક. આ ત્રણેયના દુઃખ દૂર કરવાના ઉપાય મનુષ્યએ શોધ્યા છે. પણ તે કાયમી નથી. આધ્યાત્મિક દુઃખ એટલે શરીરમાં થતાં દુઃખ કોણ શું કરે છે. કેમ થતું હશે તે ચિંતાને આધ્યાત્મિક દુઃખ કહેવાય. કોઈપણ દુઃખ કે તાવ ફરી આવી ન શકે એવી દવા કોઈ વૈદ્ય આપી ન શકે. એનો અર્થ એ થયો કે જે ઉપાય કરીએ છીએ તે સ્થાયી નથી. અસ્થાયી છે. કાયમી નથી.

ભૌતિક દુઃખ દૂર કરવા માટે ઉપાય કરીએ છીએ. સત્તા હોય ત્યાં સુધી કરી શકીએ છીએ. શરીર ચાલતું હોય ત્યાં સુધી થાય.

એવી રીતે આધિ-દૈવિક વરસાદ ઠંડી, ગરમીનો વગેરે ઉપાય લૌકિક ઉપાય છે. અસ્થાયી છે એટલે જેટલા ઈષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટનો પરિહાર કરવાના જે અલૌકિક ઉપાય છે તેને વેદ કહે છે. એટલે મનુષ્યએ વેદનો વિચાર કરવો જોઈએ.

## કીર્તન

**મફતલાલ- આદિવાડા**

### સાખી

પગ વિના મેરૂ ચડીયા, જીભ વિના ચાખ્યા સ્વાદ,
આંખ વિના હરિ દર્શન કીયા,
કાન વિના સૂણ્યા બ્રહ્મ નાદ.

### ભજન

નિર્ભય નાદ સૂણાયો ગુરૂજીએ (૨)
નિર્ભય નાદ સૂણાયો જી
એવો અલખ પુરૂષ ઓળખાયો ગુરૂજી
નિર્ભય નાદ સૂણાયો જી
અંતર ઘટમાં બેઠકર બોલાવ્યો બાવન બારો જી
સમજુ નર તો સમજી ગયા (૨)
બોલનારો છે ન્યારો... ગરૂજી એ
ઓમ અક્ષર છે બહુ નાનો
સર્વમાં એ તો રમનારો જી
સર્વ જગત તેમાં સમાણુ (૨)
તોયે રહ્યો છે એતો ન્યારો... ગુરૂજી એ
કોણ આવે ને કોણ જાવે ક્યાં છે તે રહેનારો જી
ગુપન રસ્તો કોઈ જ્ઞાની ગો તે (૨)
ખોળનારો ખોવાણો... ગુરૂજી એ
ભોમિયા વિના આનો ભેદ ના મળ્યો
ભવો ભવ ભટકાયો જી
શબ્દ સૂણી જાગી જાઓ તો (૨)
ઘાટો ઘટમાં છે રમનારો... ગુરૂજીએ
અખંડાનંદ સદ્‌ગુરૂજી એ ઓળખાયો
નથી તમારાથી ન્યારો જી
દાસ મુક્તાનંદ કહે કર જોડી (૨)
અખંડ આનંદમાં રહેનારો... ગુરૂજીએ
નિર્ભય નાદ સૂણાયો જી.

## ॥ શ્રધ્ધાંજલી ॥

**ગામ અળવ, જિ. બોટાદ સ્વ. ખોડુભા જેમલભા રાઠોડ (ઉંમર વર્ષ ૫૮) સંવત ૨૦૭૪ મહા સુદ-૮ તા.૨૫-૧-૨૦૧૮ ને ગુરૂવાર ના રોજ માધવ શરણ પામેલ છે. સદ્‌ગુરુ ભગવાન જીવાત્માના આત્માને શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

# ભજી લે મનવા શ્રીરામને સમય ઓછો છે.

સુધા એસ. પંચાલ
આંકલાવ

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

હમણાં જ એક નાનકડી વાર્તા વાંચવા મળી. શીર્ષક હતું 'સમય ઓછો છે!' છે તો વાર્તા બ્લડ કેન્સરથી પીડાતા, મૃત્યુ તરફ અગ્રેસર થતી અને અંતે મૃત્યુને ભેટતી બારેક વર્ષની ફૂલ શી બાલિકાની. વાર્તાનાં કેન્દ્રનાં બાલિકા અને તેની મમ્મી-પપ્પા વચ્ચેના સંવાદમાં આ ત્રણ શબ્દો વારંવાર ગુંજતા રહે છે. 'સમય ઓછો છે!' લેખકે તો આ વાર્તાને હૃદયસ્પર્શી બનાવવા માટે આ શબ્દોનો પ્રયોગ પોતાની રીતે કર્યો છે. પરંતુ નાનકડી આ વાર્તા માનવ જન્મને સાર્થક કરવાનું એક અદ્ભૂત સૂત્ર આપી ગઈને પડઘાતું રહ્યું એ સૂત્ર ક્યાંય સુધી.

''નહીં મળે આ માનવદેહ વારંવાર! ચેતી જા! મંડી પડ! હૈયામાં પ્રભુ મિલનની એક ઉત્કટ પ્યાસ. અદમ્ય ઝંખના Burning Desire'' જગાવીને દોડવા માંડ પરમાત્મા તરફ! સમય ઘણો જ ઓછો છે? ન જાણે કઈ ક્ષણે આ પરપોટો ફૂટી જશે! ચેતી જા! હજી પણ ચેતીજા ઓ જીવ! પરમાત્માને પ્રેમ કરવાનો, પરમાત્માને પામવાનો આ મહામૂલો અવસર એળે ન જાય!'

હા! સમય ઓછો છે!

**ભજી લે, મનવા શ્રીગુરૂને, સમય ઓછો છે!**
**ચિંતવી લે મારા શ્રીગુરૂને, સમય ઓછો છે!**
**કરી લે પ્રેમ શ્રીગુરૂના શ્રીચરણોમાં**
**સમય ઓછો છે!**
**સમર્પિત થઈ જા શ્રીગુરૂને, સમય ઓછો છે!**
**જપી લે, સ્મરી લે શ્રીગુરૂને, સમય ઓછો છે!**

સૂકા ઘાસમાં અગ્નિની એક નાનકડી ચિનગારી પડે અને ઘાસ ભડ-ભડ બળવા લાગે તેવા જ હૃદયવેધક છે. આ શબ્દો સમય ઓછો છે! એક અદીઠ ચેતવણી સમાયેલી હોવાનો અહેસાસ કરતું હૈયું આક્રંદ કરી ઉઠ્યું!

સ્ત્રી-બાળકો માટે અને ધન-ઐશ્વર્યની પ્રાપ્તિ માટે તો માનવી અનેકવાર રડતો હશે પરંતુ પરમાત્માની પ્રાપ્તિ માટે પરમાત્માને પ્રેમ કરવા માટે ક્યારેય રડે છે ખરો?

જરા વિચારો તો ખરા? આ દેહરૂપી પરપોટો ક્યારે ફૂટી જશે તે કોણ જાણે છે? હવે પછીનો શ્વાસ લેવાશે કે કેમ તેની કોઈ ખાતરી છે ખરી? કોણે મેળવ્યો છે. વિજય સમય અથવા કાળ પર? જન્મતાની સાથે શરૂ થતી મૃત્યુ તરફની આપણી યાત્રાથી આપણે અજાણ તો નથી જ! છતાં આશ્ચર્ય તો જુઓ! એ યાત્રા દરમિયાન અનેકવાર અન્યોની જીવનયાત્રાના અંતને જોઈ ચૂકવા છતાં આપણે તો ભોગ-ઐશ્વર્યની લિપ્સામાં તથા કીર્તિ, કામિની, કાંચન પાછળ એજ રીતે જીવન પસાર કરીએ છીએ કે જાણે આપણી આ જીવન યાત્રાનો કદી જ અંત આવવાનો નથી!!!

આ માનવ શરીર પ્રારબ્ધવેગ પર ઉભું છે! પ્રારબ્ધ પૂરૂ થતાં જ એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના તે પડી જશે! પ્રત્યેક શ્વાસે આપણે આપણું શ્વાસ-ધન શ્વાસરૂપી આપણી મૂડી ખર્ચી રહ્યા છીએ! શ્વાસોનું આ એવું બેલેન્સ છે કે જેમાં વધારો કરી શકાતો નથી! પરંતુ પ્રત્યેક ક્ષણે તેમાં ઘટાડો જ થતો જાય છે તેમ છતાં એ ખર્ચવામાં કે એ ખર્ચ્યા પછી આપણને જરા દુઃખ, સંકોચ, ક્ષોભ કે તકલીફ થતાં જ નથી! બસ ! મસ્તીથી ખર્ચતા જ જઈએ છીએ એ અમૂલ્ય શ્વાસધન.

દયનીય સ્થિતિ તો આપણી એ છે કે બેન્ક પાસબુકમાં જમા થયેલા રૂપિયા ઉપાડતાં પહેલાં આપણે અનેકવાર વિચાર કરીએ છીએ. પરંતુ પ્રત્યેક ક્ષણે જે સતત વપરાતું રહે છે. એ શ્વાસધન ક્યાં? કેવી રીતે? શા માટે? વપરાય છે કે ખર્ચાય છે તેનો આપણે જરા પણ વિચાર કરતાં નથી.

જરા થોભો! જે સમય જે શ્વાસ ખર્ચીને આપણે ધન-વૈભવ સાંસારિક સુખ ભેગું કરીએ છીએ તે ધન વૈભવ ખર્ચીને વહી ગયેલા સમયનો જરા જેટલો ટુકડો પણ આપણે મેળવી શકીશું ખરાં? સાચું પૂછો તો 'શ્વાસ'ની આપણને કિંમત જ નથી કે.... નથી તેને માટે આપણને ગૌરવબુદ્ધિ!

કદાચ ક્યારેક કોઈકવાર શ્વાસ અને સમયની કિંમત આપણને સમજાય પણ ખરી. પરંતુ એ સમજ

ઝાઝી ટકતી નથી. સાંસારિક ભોગવિલાસમાં રમખાણ રહેલું મન આપણને એ ક્ષણિક વૈરાગ્યમાંથી ખેંચીને ફરીથી વિષયભોગોમાં રત બનાવી દે છે. માનવી પોતાના જીવનનો મોટો ભાગ બહુધા નિરર્થક ચર્ચા, નિરર્થક ચિંતન અને નિરર્થક વાંચનમાં વીતાવે છે. સમગ્ર માનવજાતને સંબોધતાં કબીરજીએ કહ્યું છે :

''રૈન ગંવાઈ સોઈ કે, દિવસ ગંવાયા ખાય,
હીરા જનમ અમોલ થા, કોડી બદલે જાય...!''

ભોગોના ચિંતનમાં નહીં પરંતુ પરમાત્માનાં ચિંતનમાં જ માનવ જન્મની સાર્થકતા સમાયેલી છે! ભોગોની પ્રાપ્તિ નહિ પરંતુ પરમાત્માની પ્રાપ્તિ જ આ માનવજીવનનું લક્ષ્ય અને એકમાત્ર પરમાર્થ છે.

''નામ હરિકા જપ લે બંદે ફિર પીછે પછતાયેગા...!

ચારે તરફ એ જ શબ્દો ગુંજ્યા કરે છે! સમગ્ર વાતાવરણને ભરી દે છે... નામ હરિકા જપ લે બંદે....!

ૐ તતસત્ ■

## પુરૂષોત્તમ યોગ (ભગવાન કહે છે.) (શ્રીમદ ભગવતગીતા : અ. ૧૫)

- અવિનાશી આ જગતને કહ્યો પીપળો છે. તેનો જાણે સાર જે, જ્ઞાની સાચો તે.
- ગુણોથી વધી વિષયના, મૃદુ પત્રોવાળી. શાખા તેની ઉપરને, નીચે છે સારી.
- મનુષ્ય લોકમાં કર્મથી, બાંધનાર છે તે નીચે શાખા, ઉપર છે. મુળ વૃક્ષનું એ.
- સ્વરૂપ તેનું સ્હેજ માં, સમજી ના જ શકાય આદિ, અંત સંસારના, સમજી ના જ શકાય.
- જ્યાંથી પાછા આવતા, જ્ઞાની લોકોના તે ઉત્તમ પદ પામવું, જન્મ ધરી.
- જેનાથી આ જગતની પ્રવૃત્તિ ચાલે તે પરમાત્મા પામવા, જગત જે પાળે.
- દ્રઢ આ દ્રુમ સંસારનું, એમ વિચારી જે, અનાશક્તિના શસ્ત્રથી છેદે બુધજન તે.
- માન મોહ આસક્તિના દોષ નથી જેને, આત્મજ્ઞાનમાં મગ્ન છે, કામ નથી જેને.
- સુખ ને દુઃખ સમા બધા, દ્વંદ્વથકી પર છે, જ્ઞાની તેવા પામતા, અવિનાશી પદને.
- અગ્નિ સૂરજ ચંદ્રના, જેને તેજ ધરે, જન્મ મરણથી મુક્ત તે મારૂ ધામ ખરૂ.
- જીવ અંશ મારો થઈ, શરીરમાં વસતો, ઈન્દ્રિયોને મનતણું આકર્ષણ કરતો.
- સુવાસ કોઈ ફુલની, પવન લઈને જાય, તેમ જીવ આ અંગથી, મૃત્યુ સમયે જાય.
- આંખ કાન ને નાકને, જીભ ત્વચા મનને સાધન કરતા ભોગવે, જીવ વિષય રસને.
- જીવ દેહથી જાય છે, દેહ ભોગ કરે, મૂઢ જુએ એને નહીં, દર્શન સંત કરે.
- યોગી યત્ન કરી જુએ, અંતરમાં તેને, યત્ન કર્યે પણ ના જુએ, ચંચળ જન એને.
- અગ્નિ સૂરજ ચંદ્રમાં જે, કૈં તેજ જણાય, તેજ તે બધું મેં ધર્યું, મારૂ એમ ગણાય.
- ધારૂ છું હું જગતને, પૃથ્વીના રૂપમાં, પોષું છું ને ઔષધિ, ઢળી ચંદ્રરસમાં.
- જઠરાગ્નિ બનતો રહ્યો, શરીરમાંયે હું, ચાર જાતના અન્ન ને, હું જ પચાવું છું.
- સૌના હૈયે છું રહ્યો, જીવન પ્રાણ થઈ, જ્ઞાન, જ્ઞાનનું મૂળ છું, સાચી વાત કહી.
- સંશયનાશક જ્ઞાનને સમૃતિનો દાતા હું, વેદાંતક તે વેદનો, જાણનાર પણ છું.
- આત્મા તો અવિનાશ છે, છે શરીરનો નાશ, ક્ષર ને અક્ષર વસ્તુનો, એમ વિશ્વમા વાસ
- પરમાત્મા બીજા વળી, એથી ઉત્તમ છે. જે વ્યાપક જગમાં થયા, ઈશ્વર સાચે તે.
- ક્ષર અક્ષરથી શ્રેષ્ઠ હું, એથી અર્જુન હે, કહે વેદને જગતમાં પૂરૂષોત્તમ મુજને.
- મને જ પુરૂષોત્તમ રૂપે જાણે જ્ઞાની જે, ભજે સર્વભાવે મને સર્વજ્ઞ ખરે તે.
- ખૂબ ગૂઢમાં ગૂઢ આ, શાસ્ત્ર કહ્યું છે મેં, ધન્ય તેમ જ્ઞાની બને, આને જાણે તે.

# નિષ્કામ કર્મ

લેખક : શિવ

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

સમસ્ત સૃષ્ટિનુ સર્જન ઈશ્વરમાંથી થયુ છે અને ભગવાન જ આખા વિશ્વમાં પરીપુર્ણ છે. મનુષ્ય પોતાના કર્મો દ્વારા આ ભગવાનની પુજા કરીને પરમ સિદ્ધિરૂપ પ્રભુને સહેલાઈથી પ્રાપ્ત કરી શકે છે. જે માણસ જે કાર્ય કરતો હોય અને જેમા જેની રૂચિ હોય તે જ કરે; ન તો બધાનાં કર્મો એકસરખા હોઈ શકે છે કે ન તો તેમને એકસરખા બનાવવાની મિથ્યા મહેનત કરવી જોઈએ. નાટકના તમામ પાત્રો એક જ પાત્રની ભુમિકા ભજવવા ઈચ્છે તો ખેલની ખુબી જ મારી જાય. પોતપોતાની જગાએ બધાની જરૂર છે અને બધાનુ મહત્ત્વ પણ છે. માલદાર અને મજુર બંનેની આવશ્યકતા છે અને બંને પોતપોતાનુ મહત્ત્વ ધરાવે છે. માટે કર્મ ન બદલો. મનના ભાવોને બદલી નાખો. કર્મનુ નાના-મોટાપણુ તો બાહ્ય દેખાવ સાથે સંબંધ ધરાવે છે. ખરી મહત્તા તો હૃદયના ભાવની છે. ઊંચનીંચના ભેદભાવ રાખીને રાગદ્વેષપુર્વક પારકાનું બગાડવાની બદદાનતથી લોકદ્રષ્ટિએ સત્કર્મ કરનાર વ્યક્તિ નરકની અધિકારી બની શકે છે અને શાસ્ત્રવિધિ અનુસાર, કોઈ પણ ફળની ઈચ્છાથી યજ્ઞ, દાન, તપ, ઈત્યાદિ સત્કર્મ કરનાર, ઐશ્વર્ય અને સ્વર્ગાદિ વિનાશી ભોગોને મેળવી શકે છે. સ્વાર્થનો સંપુર્ણ ત્યાગ કરીને નિષ્કામભાવે, પ્રભુપ્રીત્યર્થે, ભગવદજ્ઞાનાસુર, સાધારણ સ્વધર્માચરણ દ્વારા મનુષ્ય પરમ સિદ્ધિરૂપ પરમાત્માને પામી શકે છે. આ પ્રમાણે દરેક મનુષ્ય પોતાના દરેક કર્મને મુકિત યા પ્રભુપ્રાપ્તિનુ સાધન બનાવી શકાય છે.

માટે દંભ, દર્પ, અભિમાન, માન, બડાઈ, કામ, ક્રોધ, વેર, લોભ, અસત્ય, ઈત્યાદિ દોષો યા દુર્ગુણોને દિલમાંથી દેશવટો દઈને અથવા તેમને યથાશકિત દબાવીને કેવળ પ્રભુપ્રીત્યર્થે ભગવાનની આજ્ઞા માનીને પ્રભુની સેવાના ભાવથી પોતપોતાના કાર્યો કરો. પ્રત્યેક કર્મ વડે અણુઅણુમા વિરાજી રહેલા ભગવાનની પુજા કરો. યાદ રાખો કે જે કાર્યમા કામ-ક્રોધ-લોભનો અભાવ છે, જેમાં પ્રભુને છોડીને બીજા કોઈ ફળની ઈચ્છા નથી, જે કર્મ યા ફળની આસકિતથી નહિ, પરંતુ 'ખલકના ખેલાડી' પ્રભુએ આપેલ ખેલને કુનેહપુર્વક ખેલી બતાવવાની ઈચ્છાથી નિરંતર ઈશ્વરસ્મરણ કરતાં કરતાં સાત્ત્વિક ઉત્સાહપુર્વક કરવામા આવે છે તે જ વિશુદ્ધ કર્મ વડે પ્રભુની પુજા થાય છે. ઉપરના દોષોથી રહીત થઈને પ્રત્યેક સ્ત્રી યા પુરૂષ પોતપોતાને અનુકુળ સ્થળે અને સમયે આ પૂજા સહેલાઈથી કરી શકે છે. ફકત મનના ભાવોને બદલીને કર્મના પ્રવાહને ભગવાનની તરફ વાળી દેવાની જ જરૂર પડે છે. પછી તો દરેક કર્મ તમારી મુકિતનું સાધન બની જશે અને તમારા સ્વાભાવિક કર્મોનું આચરણ કરીને, પ્રભુની પ્રાપ્તિ કરીને તમે જીવનને સફળ બનાવી શકશો.

જો તમે વેપારી યા દુકાનદાર હો તો, એમ માનો કે, મારો આ વેપાર પૈસા કમાવા માટે નથી, પરંતુ પ્રભુની પૂજા કરવા માટે છે. લોભવૃત્તિને તિલાંજલી આપીને, જેની સાથે તમારો વ્યવહાર ચાલે છે તેને લાભ આપવાની દ્રષ્ટિથી, પોતાની આજીવિકા પુરતો જ નફાકારક વેપાર કરો. લોભની માત્રા વધારવાથી જ વેપારમાં પાપના ભાગીદાર બનવુ પડે છે. 'લોભ' શબ્દને ઉલટાવીને જે 'ભલો' બનશે તેનામાં બીજાના હક્ક પર તરાપ મારવાની દાનત નહિ પ્રગટે. વસ્તુઓનાં તોલમાપ યા લેવડદેવડમાં વધારે લેવું અને ઓછું આપવુ, આડત-દલાલીમાં નક્કિ કરેલી રકમ કરતા વધારેની માગણી કરવી વગેરે વ્યાપારીક ચોરીઓ લોભનુ સીધુ પરીણામ છે. પરંતુ માત્ર લોભ છોડવાથી નહિ ચાલે, બીજાના હિતનુ પણ ધ્યાન રાખવુ જોઈએ. જેવી રીતે લોભી માણસ પોતાની દુકાન પર આવેલા ગ્રાહકને બનાવટી આવકાર આપીને તેની સફેદ લુંટ ચલાવવાના પેંતરા રચે છે તેવી જ રીતે કપટનો ત્યાગ કરીને, ગ્રાહકોને પ્રેમપુર્ણ સરળ ભાષામા સાચી વાત સમજાવીને, તમારે તેનું હિત જોવું જોઈએ. તમારે તો એમ જ માનવું જોઈએ કે, આ ગ્રાહકના રૂપમાં સાક્ષાત્ પરમેશ્વર જ આવીને મારી સામે ઊભા છે; તેમની સેવાનો જેટલો લાભ મળે તેટલો ઓછો છે.

આમ સમજીને વેપાર કરશો તો તમે પ્રભુના કૃપાપાત્ર બનશો અને તે વેપાર જ તમારે માટે પ્રભુપ્રાપ્તિનું સાચું સાધન બની જશે.

જો તમે દલાલ હો તો, બે વેપારી પક્ષોની સાચી-જુઠી વાતો ઠસાવીને, પોતાની દલાલીના લોભથી કોઈને છેતરશો નહિ. બન્નેના રૂપમાં ઈશ્વરના દર્શન કરી સત્ય અને સરળ વાણી વડે બંનેની સેવા કરવાનો પ્રયત્ન કરો.

નક્કિ માનજો કે, આજ નહિ તો ભવિષ્યમાં ગમે ત્યારે પણ તમારી આ વૃત્તિનો પ્રભાવ બીજાઓ પર પડયા વિના નહિ રહે. કદાચ ન પડે તોપણ, તમારે માટે મુકિતનો દરવાજો જરૂર ખુલી જશે.

જો તમે રાજા યા જમીનદાર હો તો, ગમે તેવા જોરજુલમ દ્વારા ગરીબ પ્રજા પાસેથી કર યા મહેસુલ વસૂલ કરીને મોજ-શોખ, વૈભવવિલાસ યા તમારાથી ઊંચા અમલદારને ખુશ કરવા માટે તેનો બિનજરૂરી ખર્ચ કરવાનુ બંધ કરો. તમારી રૈયતને ખાસ કરીને ગરીબોને, તમારા કુટુંબના જ સભ્યો માનીને, તેમના સુખ-દુઃખનો ખ્યાલ રાખો, તેમની દુઃખી દશામાં ઉમેરો ન કરો. તમારા ખર્ચમા કાપ મુકીને પણ, અયોગ્ય મહેસુલ માફ કરો. વળી તમારા યા તમારા હાથ નીચેના અમલદાર દ્વારા ગરીબ વર્ગના કોઈ પણ પ્રજાજન પર જુલમ ન ગુજારાય તેની ખાસ તકેદારી રાખો. ગરીબોનો યથોચિત આદરસત્કાર કરો અને તેમના બાલબચ્ચાં પર તમારા જ બાળકો જેટલો પ્રેમભાવ રાખો. તમારા આ વર્તનથી તેઓ તમને આશીર્વાદથી નવાજશે અને સાચા હૃદયના આશીર્વાદથી તમે ઉત્તરોત્તર વધુ ઉચ્ચ ગતિને પામશો. તમારે ભગવત્પ્રાપ્તિ કરવી હોય તો જમીનદારી યા રાજાશાહી દ્વારા પણ કરી શકો છો. તેનો રસ્તો એ છે કે પ્રજાનાં સ્ત્રી-પુરૂષોને પોતાનાં અન્નદાતા ભગવાનસ્વરૂપ સમજો અને પ્રભુએ તમને જે પાઠ સોપ્યોં છે તેના દ્વારા તેમની પાસેથી કરવેરા વસુલ કરીને તેમની પૂજામાં ખર્ચો. ત્યારબાદ તેના મહેનતાણા તરીકે તેમાનો અમુક ભાગ પોતા માટે રાખીને, બાકીનો તમામ ખર્ચ તેમને ચરણે સુવ્યવસ્થાપુર્વક ધરી દો. તમને રાજા યા જમીનદારનો પાઠ એટલા જ માટે આપવામાં આવ્યો છે કે, તમે પ્રજાનું ધન પ્રજા પાસેથી મેળવીને, વ્યવસ્થિતરૂપે પ્રજાની જ સેવામાં વાપરી શકો.

તમે ન્યાયાધીશ હો તો, તમારા હોદ્દા પ્રમાણે દયાળુ વર્તન દાખવી બધાને ન્યાય આપો. તમારા હાથમા જે કેસ આવે તેને ધ્યાન દઈને સાંભળો. લાંચ-રુશ્વત લઈને યા એવા જ બીજા કોઈ કારણસર પક્ષપાત યા અન્યાયથી દૂર રહો. ન્યાય માગનાર પ્રત્યેક વ્યકિતને ભગવાનનું રૂપ માનીને ન્યાયરૂપી સામગ્રી વડે તેની પુજા કરો. ન્યાય મેળવવામાં બને ત્યાં સુધી તેને સહાય કરો.

સેવાની ભાવનાથી તમારી જાતને મેજિસ્ટ્રેટ યા જજ સમજો; 'સાહેબ' તરીકે નહિ. તમે વકીલ હો તો, પૈસાથી લોભથી અન્યાયોપાર્જિત લક્ષ્મી ન પડાવી લો. જુઠા સાક્ષીઓ ઊભા ન કરો. કોઈને બદનામ કરવાની ભાવના ન રાખો. તમે ધારો તો સારી સેવા બજાવી શકો છો. તમને પ્રભુપ્રાપ્તિ થશે એમા શંકાને સ્થાન નથી.

તમે ડોકટર યા વૈદ્ય હો તો દરદીને ભગવાનનુ રૂપ સમજીને, જીવનનિર્વાહ પુરતી જરૂરી ફી લઈને તેની સારવાર કરો; લોભમા લપેટાઈને દરદીને સતાવશો નહિ. ગરીબ દરદી પર વિશેષ ધ્યાન આપો. તમે જો ધારો તો બીજા બધાં કરતાં પ્રભુનાં વધુ પ્યારા બનીને ભગવાનને મેળવી શકો છો.

તમે પોલિસ યા ઉચ્ચ દરજ્જાના ઓફિસર હો તો, તમારી જાતને જનતારૂપી ભગવાનના સેવક સમજો. કોઈને ન તો ગાળ દો કે ન તો કોઈનુ અપમાન કરો. સત્તાના મદમાં છકી જઈને ભૂલેચૂકે પણ કોઈને હેરાન ન કરો. સેવાના ભાવથી જ તમામ કાર્યો કરો. આ રીતે તમારી જાતને સુધારીને તમે પ્રભુની સેવાનો લાભ લઈ શકો છો. જતે દહાડે આ કાર્યથી તમને ઈશ્વરદર્શન જરૂર થવાના જ. તમે દેશનેતા યા ધર્મોપદેશક હો તો તમારી પૂજા-પ્રતિષ્ઠા થાય એવી ભાવના ન રાખશો. તમારા સાચા અનુભવનો લાભ આપીને જનતાને કલ્યાણની કેડીએ ચડાવો. સંપ્રદાયથી તો અગ્નિની જેમ હંમેશા દૂર રહેજો; જુથ રચનાનો અનિષ્ટકારી ખ્યાલ મગજમાંથી કાયમને માટે કાઢી નાખજો. જે કાર્યોમાં જનતાનું હિત સમાયેલું હોય તે કાર્ય અભિમાન, સ્વાર્થ, લોભ, અને માન-મોટાઈની ઈચ્છા ત્યાગીને જરૂર કરો.

તમારી આ સેવાથી પ્રસન્ન થઈને પ્રભુ પોતાની ગાદી જરૂર સોંપી દેશે. તમે શેઠ હો તો, નોકરોનો હદથી વધુ કસ ન કાઢો. અભિમાનમા અંધ બનીને તમારી જાતને મહત્ત્વ ન આપો. તમને મળેલા વેશ મુજબ નોકરો પાસેથી કામ જરૂર લો, પરંતુ મનથી તેમને પ્રભુના સ્વરૂપ સમજીને તેમના હીતરૂપી સેવા કરવાનો પ્રયાસ કરો. દિલથી કોઈનો પણ તિરસ્કાર ન કરો. લોભને વશ થઈને કોઈના પેટ પર પાટુ ન મારશો. બની શકે તો કોઈના ભલામાં હાથ લંબાવજો.

ભલુ ન કરી શકો તો તટસ્થ રહેજો; પરંતુ કોઈના બુરામાં કદી ભાગીદાર ન બનશો.

આથી તમે પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરશો અને આ જન્મના સત્કર્મોની નોંધ લઈને પ્રભુ તમને બીજા જન્મમાં આથી પણ વધુ સારી સાહ્યબી આપશે.

આ જ રીતે, પોતપોતાનાં ધંધામા નિષ્કામભાવને પ્રાધાન્ય આપીને પ્રભુસેવામાં દરેક ફાળો આપી શકે છે.

# મહાશિવરાત્રી પૂજા






પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદસાગરજી મહારાજ વેદાંતાચાર્યશ્રીની અધ્યક્ષતામાં ઓઝરાળા ગામે મહાવદ તેરસને મંગળવાર તા. ૧૩-૨-૨૦૧૮ની શુભ રાત્રિએ મહાશિવરાત્રીના પ્રસંગે ચાર પહોરની ચાર શિવપૂજા સેવક ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં કરી હતી.



પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ સ્વામી શ્રી સુરેશ્વરાનંદ સાગરજી મહારાજની ઉપસ્થિતીમાં સુઘડ ગામે આંતરરાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમમાં મહા વદ તેરસને મંગળવાર તા. ૧૩-૨-૨૦૧૮ની શુભ રાત્રિએ મહાશિવરાત્રીના પ્રસંગે ચાર પહોરની ચાર શિવપૂજા સેવક ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં કરી હતી.

## પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ



### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (સુરેન્દ્રનગર)


### કડવીબેન લાખાભાઈ બાંભાના સ્મરણાર્થે

- **કથા પ્રારંભ :** ચૈત્ર સુદ-૧, રવિવાર તા. ૧૮-૦૩-૨૦૧૮.
- **કૃષ્ણ જન્મોત્સવ :** ચૈત્ર સુદ-૫ ને ગુરૂવાર તા. ૨૨-૦૩-૨૦૧૮.
- **કથા પૂર્ણાહૂતિ :** ચૈત્ર સુદ-૭ ને શનિવાર તા. ૨૪-૦૩-૨૦૧૮.
- **કથા સ્થળ :** રાધા-કૃષ્ણ મંદિર, શક્તિ પરા, ઠે. નવા જંકશન રોડ, સુરેન્દ્રનગર, તા. વઢવાણા,
- **આયોજક :** લાખાભાઈ નોઘાભાઈ બાંભા, કાનાભાઈ લાખાભાઈ બાંભા, ભરતભાઈ લાખાભાઈ બાંભા


---

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (ભૂમાપુરા)

- **કથા પ્રારંભ :** ચૈત્ર સુદ-૯, રવિવાર તા. ૨૫-૦૩-૨૦૧૮.
- **કૃષ્ણ જન્મોત્સવ :** ચૈત્ર સુદ-૧૩ ને ગુરૂવાર તા. ૨૯-૦૩-૨૦૧૮.
- **કથા પૂર્ણાહૂતિ :** ચૈત્ર સુદ-૧૫, શનિવાર તા. ૩૧-૦૩-૨૦૧૮. બપોરે ૧૨:૦૦ કલાકે.
- **કથા સ્થળ :** ગામ : ભૂમાપુરા, હનુમાનજીના મંદિર પાસે, તા. મહેમદાબાદ, જિ. ખેડા
- **આયોજક :** બબાભાઈ જુગાભાઈ ચૌહાણ, જેસનભાઈ મેલાભાઈ ચૌહાણ (ભગત) રયજીભાઈ બબાભાઈ ચૌહાણ








**પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની આજ્ઞાથી સુરત શહેરમાં ઉદયનગર-૧, શ્રી માધવાનંદ આશ્રમમાં મહા વદ તેરસને મંગળવાર તા. ૧૩-૨-૨૦૧૮ની શુભ રાત્રિએ મહાશિવરાત્રીના પ્રસંગે ચાર પહોરની ચાર શિવપૂજા સેવક ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં કરી હતી.**

**વેબસાઇટ : www.omshreemadhavanandji.org**

GET IT ON Google play · Download on the App Store

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



- તા. ૧૦-૦૩-૨૦૧૮ ચાણોદ
- તા. ૧૨-૦૩-૨૦૧૮ નાર
- તા. ૧૪-૦૩-૨૦૧૮ સોજીત્રા
- તા. ૧૬-૦૩-૨૦૧૮ ખાંધલી
- તા. ૧૮-૦૩-૨૦૧૮ હેંરજ



- તા. ૨૦-૦૩-૨૦૧૮ ચાણોદ
- તા. ૨૨-૦૩-૨૦૧૮ સુઘડ - અમદાવાદ.
- તા. ૨૩-૦૩-૨૦૧૮ સવારે હરદ્વાર
- તા. ૨૯-૦૩-૨૦૧૮ હરદ્વાર થી દિલ્હી
- તા. ૦૬-૦૪-૨૦૧૮ દિલ્હી થી સુરત (રેલ્વે દ્વારા)
- તા. ૦૭-૦૪-૨૦૧૮ સુરત થી ચાણોદ.
- તા. ૦૮-૦૪-૨૦૧૮ સવારે નીકળી આકરૂ - ઉંચડી - સાંજે પીપળીયા પીપળીયા પરમ પૂજ્ય સ્વામીજી મહારાજશ્રીની તિથિ નિમિત્તે.
- તા. ૨૬-૦૪-૨૦૧૮ પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીનો ૧૮ મો નિર્વાણ જયંતિ મહોત્સવ પીપળીયા ગામે ઉજવાશે.

---



## પૂ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાંતાચાર્યનો કાર્યક્રમ

- તા. ૧૫-૦૩-૨૦૧૮ થી હરદ્વાર રોકાશે.

---

**-: દરેક સેવક ભાઈઓ બહેનોને ખાસ સુચના :-**

**ચાણોદ શ્રી માધવાનંદ આશ્રમમાં આવતાં પહેલાં આગલા દિવસે ઓફીસનો સંપર્ક ફરજિયાત કરવાનો રહેશે. ફોન. ૦૨૬૬૩-૨૩૩૩૬૨ મો. ૯૮૨૫૧૨૦૬૨૧**



પરમ પૂજ્ય સ્વામીશ્રી શિવોહંસાગરજી મહારાજશ્રીની સમાધિ












પ.પૂ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી શિવોહંસાગરજી મહારાજશ્રીનો ૪૧ મો નિર્વાણ જયંતિ મહોત્સવ ફાગણ સુદ-૨ ને શનિવાર તા. ૧૭-૨-૨૦૧૮ના શુભ દિવસે પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં તેમજ સંતો -મહંતો તથા ભક્તોની હાજરીમાં ઓઝરાળા ગામે ધામધૂમથી ઉજવાયો હતો.